
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥



સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



## શ્રી રામ દિવ્ય મૂર્તિ - અયોધ્યા મંદિર

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ ફાગણ - ચૈત્ર, એપ્રિલ - ૨૦૨૪ અંક - ૪




**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૪૬ / એપ્રિલ - ૨૦૨૪ / અંક-૪


## અનુક્રમણિકા


૦૪ શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

૦૮ આત્મા એક અદ્વૈત છે.
કૃષ્ણાબેન જી. સવાણી

૧૧ સુમેરુ
કાળુભાઈ કોશિયા

૧૨ સંબંધો અને ઋણાનુબંધ
રમીલાબેન જી.

૧૫ ભીમસેનનો હનુમાનજી સાથે મેળાપ અને વાતચીત
મહાભારત

૧૭ ધર્મનું આચરણ
હંસાબેન બી. ગોયાણી

૧૮ કરનધાર સદ્ગુરૂ
અશોકભાઈ બી. વાઘાણી

૧૯ મૃત્યુ અને જીવન
સુધા એસ. પંચાલ

૨૧ શિબિર ફોર્મ - ૨૦૨૪

૨૨ સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ, ૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ, માનગઢ ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧, કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)

## પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ


(ગતાંકથી ચાલુ)

**"આગે રામ પીછે રામ, જીત દેખું તિત રામ હી રામ."**

**"સિયારામ મય સબજગ જાની,**
**કરહું પ્રણામ જોરી જુગ પાની"**

**"લાલી મેરે લાલકી જીત દેખું તીત લાલ,**
**લાલી દેખન મેં ગઈ તો મૈં ભી હો ગઈ લાલ."**

તો આ ભાગવત શાસ્ત્ર એ અતિ ગહન ગંભીર શાસ્ત્ર છે. તૃતીય સ્કંધનું નામ છે સર્ગલીલા એટલે સૃષ્ટિની ઉત્પત્તિની લીલા બતાવી છે કે, 'બ્રહ્માજી વિષ્ણુ ભગવાનની નાભિ કમળમાંથી થયા. બ્રહ્માજીમાંથી અનેક ઋષીઓ થયા. પછી માનસપુત્રો સનકાદિકો થયા. પછી મનુ ને શતરૂપા થયા. અને ઉત્તાનપાદ ને પ્રિયવ્રત નામના પુત્ર થયા ને ત્રણ પુત્રીઓ થઈ આકૃતિ,



પ્રકૃતિ ને દેવહૂતિ. તો દેવહૂતિની કથા ત્રીજા સ્કંધમાં બતાવી કે, કર્દમ ઋષિ સાથે તેના લગ્ન થયાં એને નવ કન્યાઓ ને એક પુત્ર થયો. પુત્ર કપિલદેવ થયા. એણે માતા દેવહુતિને દિવ્યજ્ઞાન આપ્યું. એને સમજાવ્યું કે આ પ્રકૃતિ છે એ વિકારી છે એ ચોવીસ તત્ત્વવાળી છે. આત્મા છે એ પુરૂષ છે તે નિર્વિકારી છે, અસંગ છે એને 'હું' સમજો. અને આ સંસારમાંથી 'હું' ને 'મારું' કાઢી નાખો તો મુક્ત થઈ જશો. શરીરમાં રહેવા છતાં શરીરથી આત્મા જુદો છે. ઘરમાં રહેવા છતાં ઘટાકાશ જેમ ઘટથી જુદુ છે.જળની અંદર સૂર્યનું પ્રતિબિંબ પડે તો જેટલાં કુંડા હોય એટલા સૂર્ય દેખાવા લાગે પણ મૂળ સૂર્ય કોઈ દિવસ બે થતા નથી. મૂળ સૂર્ય ક્યારેય હલતો નથી. પણ પાણીની અંદર જે પ્રતિબિંબ પડે તે પાણી હલવાથી હલતું દેખાય. પાણી કાળું હોવાથી કાળું દેખાય એમ એક અનંત શક્તિ પરમાત્મા આપણા બધાની અંદર જીવ રૂપે (પ્રતિબિંબ રૂપે) રહેલા છે. એટલા માટે એના મન બુદ્ધિ જેવી હોય એવા એના સંસ્કારો દેખાય. પણ અખંડ જે આત્મા મૂળ છે એની સાથે કોઈ સંબંધ થતો નથી અને એ શુદ્ધ આત્મા 'હું' છું. એવો ભાવ દ્રઢ કરવો.

**"શુદ્ધ બુદ્ધ નિજ રૂપ નિહાળી,**
**અખંડ આનંદ અનુભવતો**
**જા....આવ્યો."**

એના માટે સુંદર આચરણ પણ બતાવ્યું છે કે સદાચારી બનવું, ઉદાર થવું જોઈએ. ધીર થવું જોઈએ. સુંદર સંતોનો સમાગમ કરતો રહેવો જોઈએ. છળ, કપટ, દગા છોડતા જવા જોઈએ. એમ દિવ્ય જ્ઞાન આપ્યું ત્યારે દેવહૂતિનો મોક્ષ થયો. ચોથા સ્કંધનું નામ છે વિસર્ગ લીલા. એમાં વિશેષ સૃષ્ટિ, ધર્મ, અર્થ, કામ ને મોક્ષની કથા સમજાવી. દક્ષ પ્રજાપતિ દ્વારા ધર્મનો પ્રસંગ બતાવ્યો. ધ્રુવના ઉપાખ્યાન દ્વારા ધ્રુવને અર્થની પ્રાપ્તિ રાજ્યની પ્રાપ્તિ થઈ. પૃથુ રાજાના ચરિત્ર દ્વારા કામના પૂર્તિની કથા બતાવી પુરંજન ઉપાખ્યાન દ્વારા મોક્ષની કથા બતાવી. પાંચમાં સ્કંધનું નામ છે સ્થિતિ લીલા. જેમાં 'સ્થાન' આખા વિશ્વનો આધાર પરમાત્મા છે. પ્રિયવ્રત રાજાના પ્રસંગ દ્વારા બતાવ્યું કે,'પ્રિયવ્રત રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સુંદર જીવન જીવ્યાં.'' એના પુત્ર અગ્નિધ્ર થયા એના નાભિ થયા. એને ઋષભ દેવજી થયા. એને સો પુત્રો થયા એણે સોએ પુત્રોને દિવ્ય મંગળમય જ્ઞાન આપ્યું તેમાંથી નવ મોટા યોગેશ્વરો થયા. ભરત રાજા જ્યારે મોટા

રાજા થયા ત્યારે આ દેશનું નામ ભારત પડ્યું એ ભરતજી પણ જંગલમાં ગયા ત્યાં એને મૃગલીમાં થોડો મોહ રહી ગયો. તેથી બીજે જન્મે એને મૃગ થવું પડ્યું. બીજે જન્મે એ બ્રાહ્મણને ઘેરે જન્મ્યાં, ત્યાં તેઓ જડની જેમ પડ્યાં રહેતાં. તેથી તેનું નામ જડ ભરત પડ્યું. રહુગણ રાજાને જ્ઞાન આપીને રહુગણ રાજાનું કલ્યાણ કર્યુ. આપણે પણ એ જ્ઞાનને હૃદયમાં ધારણ કરીએ કે,'આખુ જગત પરમાત્માનું સ્વરૂપ છે. બીજું બધુ કહેવા માત્ર છે.' કેમકે, રહુગણ રાજાને કહ્યું કે જ્યાં સુધી મહાપુરૂષોની રજ સેવન કરવામાં આવે નહીં, સાચું જ્ઞાન લેવામાં આવે નહીં, ત્યાં સુધી બીજા બધા સાધનો પૂર્ણ સફળતા દેતા નથી. એટલે મહાપુરૂષોનો સમાગમ કરી સત્સંગ કરી જ્ઞાન લઈ ભક્તિ કરીને જીવનને નિર્મળ બનાવવાનો અભ્યાસ કરવો. એમ પંચમ સ્કંધમાં બતાવ્યું. પંચમ સ્કંધની સમાપ્તિમાં અઠ્ઠાવીસ પ્રકારના નર્કો બતાવ્યાં. જેવાં જેવાં જેણે પાપ કર્યા હોય એણે એવાં એવાં નર્કમાં જવું પડે. છઠ્ઠા સ્કંધનું નામ છે પોષણ લીલા. વૃત્રાસુર પૂર્વ જન્મમાં ચિત્રકેતુ રાજા હતો. પણ એણે ભગવાન શંકરનું અપમાન કર્યુ તેથી તેણે વૃત્રાસુર થવું પડ્યું. તો ભગવાને ઈન્દ્રને કહ્યું કે, 'તું દધિચીઋષિનાં હાડકામાંથી અસ્ત્ર બનાવ તો તું વૃત્રાસુરને જીતી શકીશ.' તો ભગવાને ઈન્દ્ર દ્વારા વૃત્રાસુરનો નાશ કરાવીને ઈન્દ્રને રાજ્ય પ્રદાન કર્યું. આ ચિત્રકેતુ પૂર્વ જન્મમાં મહાન મોટો રાજા હતો. એને ઘણી રાણીઓ હતી. પણ એને પુત્ર ન હતો. અંગીરાઋષીની કૃપાથી ને નારદજીની કૃપાથી એને પુત્ર થયો પણ મરી ગયો એટલે એ બહુ શોકમાં પડ્યો ત્યારે નારદજીએ એને જ્ઞાન આપ્યું. આ પુત્ર તો અનાદિ કાળથી સંબંધથી આવે છે ને જાય છે. કોઈનું કોઈ થતું નથી ને થવાનું નથી. એનો શોક છોડી દો. એના પુત્રને જીવતો કર્યો તો એ પણ એમ કહીને ચાલ્યો ગયો. ત્યારે બધાએ શોક છોડી દીધો. આ રીતે આપણે છ સ્કંધો ભગવાનની કૃપાથી શ્રવણ કર્યા.

**इति षष्ठः स्कन्धः समाप्त :।**

**॥ हरि ॐ तत्सत् ॥**

*******

**ॐ तत्सत्**

**ॐ श्री गणेशाय नमः, श्रीमद्भागवत**

**महापुराणम् सप्तमः स्कन्धः (યુતિ લીલા)**

યુતિ એટલે વાસના. તો ત્રણ પ્રકારની મુખ્ય વાસના હોય છે. એક શુદ્ધ વાસના, અશુદ્ધ વાસના ને ત્રીજી મિશ્ર વાસના. એમાં પ્રહ્લાદની શુદ્ધ વાસના છે. હિરણ્યકશિપુની અશુદ્ધ વાસના છે. સામાન્ય બધા માણસોમાં મિશ્ર વાસના છે. તો આ વાસના આપણે અહીં જોઈએ. જેવી જેની વાસના હોય એવો વિજય થાય છે. પ્રહ્લાદનો વિજય એટલે શુભ વાસનાનો વિજય. તો આ કથા આપણે ધ્યાનથી શ્રવણ કરીએ પરીક્ષિત રાજાએ પૂછ્યું...

**राजोवाच**

**समः प्रियः सुहृद्ब्रह्मन् भूतानां भगवान् स्वयम् ॥** ૭-૧-૧॥

કે પરમાત્મા સમાન વૃત્તિવાળા છે. બધાની પર પ્રેમ કરવાવાળા છે. તો ભગવાને ઈન્દ્રને માટે વૃત્રાસુરનો કેવી રીતે નાશ કર્યો? ભગવાને વિષમતા કેમ ધારણ કરી એ જાણવાની મને ઈચ્છા થાય છે. એટલે હે ભગવાન ! મને બધું સમજાવો.

**श्री शुक उवाच**

**साधु पृष्टं महाराज हरेश्चरितमद्भुतम् ॥**૭-૧-૪॥

કે તમે બહુ સુંદર સારી વાત પૂછી, ભગવાનનું વર્ણન કરવાથી ભક્તિ વધે છે. ભગવાનની મહિમા વધે છે. તો ભગવાન કેવા છે ? એનું વર્ણન કરતાં કહે છે.

**निर्गुणोऽपि ह्यजोऽव्यक्तो भगवान् प्रकृतेः परः ।**
**स्वमायागुणमाविश्य बाध्यबाधकतां गतः ॥**૭-૧-૬॥

કે પરમાત્મા મૂળરૂપમાં નિર્ગુણ નિરાકાર છે. ઉપનિષદમાં કહ્યું છે કે, 'એક જ પરમાત્મા છે.' એ કર્મના અધ્યક્ષ છે. એજ સર્વની અંદર રહેલા છે. સર્વરૂપમાં રહે છે. એ બધામાં રહેવા છતાં લેપાયમાન

થતા નથી. જેમ આકાશ બધે રહેવાં છતાં ક્યાંય લેપાયમાન ન થાય, તૂટે નહીં, બગડે નહીં, ઓછું થાય નહીં એમ સર્વમાં ભરપુર ભરી રહેલા પરમાત્મા છે. પણ માયાને લઈને **बाध्यबाधकतां** એટલે સત્વગુણ, રજોગુણ ને તમોગુણ. એમાં જ્યારે સત્વગુણ વધે ત્યારે રજોગુણ ઓછો થાય. રજોગુણ વધે ત્યારે સત્વગુણ ને તમોગુણ ઓછો થાય. તમોગુણ વધે ત્યારે સત્વગુણ ને રજોગુણ ઓછો થાય. એટલે એનું નામ **बाध्यबाधकतां.** મૂળ પરમાત્મામાં કંઈ વધતું પણ નથી ને કંઈ ઘટતું પણ નથી. મૂળ પરમાત્મા કંઈ કરતા પણ નથી ને કંઈ કરાવતાં પણ નથી. એ બરાબર શીખવું. ગીતામાં ભગવાને કહ્યું છે.

**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।**
**न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते** ॥५-१४॥गीता ।

મૂળ જે વ્યાપક પરમાત્મા છે. શુદ્ધ પરમાત્મા છે. એ તો નથી લેતા નથી દેતા, નથી આવતા નથી જતા. કોઈનો રાગ પણ કરતા નથી ને દ્વેષ પણ કરતા નથી. સમાન સર્વમાં છે. પણ જ્યારે એમાં માયાનો સમાગમ થાય ત્યારે માયાને લઈને એમાં સારું-મોળું, ઊંચું-નીચું થયા કરે છે. એટલે શુદ્ધ પરમાત્મામાં કોઈ ભેદ નથી. કોઈ મારું નથી, રાગ નથી, દ્વેષ નથી પણ પરમાત્મા જ્યારે પાલન, સર્જન, વિસર્જન કરે ત્યારે માયાનો સાથ ધારણ કરે છે. એમાં જ્યારે જેવી જેને પ્રકૃતિ થાય એવું એને ફળ આપવામાં આવે. પરમાત્મા એ પ્રકારની લીલા કરે. જેવી રીતે કોઈ માણસને ફાંસીની સજા થવાની હોય ત્યારે એ માણસ કાળાં કપડાં પહેરીને ફાંસી આપવા જાય, છોડવાનો હોય ત્યારે બીજા કપડાંમાં જાય. હોય એનો એજ અધિકારી. પણ અધિકારીને જુદી-જૂદી લીલા કરવી પડે. એમ ભગવાનને જુદાં-જુદાં કામનું સર્જન કરવું હોય ત્યારે જુદી-જુદી માયા ધારણ કરે. જ્યારે પાલન કરવું હોય ત્યારે એ પ્રકારની માયા ધારણ કરે ને લય કરવો હોય ત્યારે એ પ્રકારની માયા ધારણ કરે. એટલા માટે સર્જન પાલન વિસર્જન કરવાવાળી એક જ સત્તા છે. એના નામો રૂપો માયાને લઈને જુદાં-જુદાં પડે છે. તો પરમાત્મા તો સર્વની સાથે એક જ સંબંધ રાખવાવાળા છે. પણ સત્વગુણ-રજોગુણ-તમોગુણને લઈને

**सत्त्वं रजस्तम इति प्रकृतेर्नात्मनो गुणाः ।**
**न तेषां युगपद्राराजन् ह्रास उल्लास एव वा** ॥७-१-७॥

શ્રી શુકદેવજી કહે છે, ‘હે રાજન ! સત્વગુણ, રજોગુણ ને તમોગુણ એ પ્રકૃતિના ગુણો છે. એ આત્માના ગુણો નથી. એટલા માટે એમાં જે કંઈ સારું મોળું થાય એ પરમાત્માનું છે એવી ભ્રાંતિમાં ન પડવું એ પરમાત્માની માયા દ્વારા થાય છે. એમ સમજવું.’ ગીતામાં ભગવાને કહ્યું.

**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।**
**हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते** ॥९-१०॥-गीता

મારી અધ્યક્ષતામાં પ્રકૃતિથી બધા કર્મો થાય છે. જગતમાં જે કામો થાય એ બધા પ્રકૃતિથી થાય છે. પણ એની સત્તા પરમાત્માની હોય. પણ પરમાત્મા એને વાળવા કે રોકવા આવતા નથી. પરમાત્મા તો જેવું કરે એવું ફળ એને આપે છે. એટલે કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ ભોગવવામાં સ્વતંત્ર નથી જેવું કરશો એવું ભોગવ્યા વિના છૂટકો નથી. એટલે પરમાત્માની કૃપાથી સૃષ્ટિમાં તમામ પ્રકારની ક્રિયાઓ થાય છે. જેમ લોહચુંબકને લઈને લોઢું ચાલે છે.

**“લોઢું હાલે બાપુ ત્હેનું બળ,**
**મનને આંટી પડી તે ભૂલ્યો ઈશને રે.**
**મન તો માયાનો છે રે મજૂર,**
**હડીયું કાઢે પણ પ્રભુ તો જડે નહીં રે.”**

તો પરમાત્માની લીલા એ સર્વજીવનું હિત કરવા માટે છે. ડૉક્ટર જેમ ઓપરેશન કરીને કોઈને કાપે છે ને કોઈને નથી કાપતા એમાં ડૉક્ટરને કંઈ રાગદ્વેષ નથી પણ જેને જેવી જરૂર હોય એવું કરે છે. એમ ભગવાન ઈન્દ્રની રક્ષા કરે ને વૃત્રાસુરનો નાશ કરે કેમ

કે, વૃત્રાસુરનો નાશ કરવામાં વૃત્રાસુરનું કલ્યાણ છે. જેમ કોઈ માળી હોય એ ઝાડની શોભા કરવા માટે ઝાડને કાપે છે ઝાડને વિકૃત કરવા નથી કાપતો તો ભગવાન દુઃખ આપે તો સમજવું કે, આપણા હિત માટે આપે છે. એટલા માટે એટલું ધ્યાન રાખો કે,

**''પ્રભુ કરે તે ઠીક કરે છે, શોંદિ ધરે શીદને શાણી,**
**હોલો હોલી માથે બાજ બિરાજે, પારધિ રહ્યો તીરતાણી**
**પારધિને પાયે સર્પ જ ડસિયો, બાજ બન્યો ધૂળધાણી.''**

તો ભક્તિવાળાએ પૂર્ણ શ્રદ્ધા એ પ્રકારની કેળવવી.

**'' જે પ્રભુ કરશે એ મમ હિતનું,**
**એ વિશ્વાસ બદલાય નહીં.''**

કે ભગવાન જે કરશે એ મારા હિતનું જ કરશે. ડૉક્ટર પાસે જ્યારે આપણે ઓપરેશન કરાવીએ ત્યારે એનો વિશ્વાસ કરીએ છીએ કે ડૉક્ટર આપણો રોગ મટાડવા માટે જ આ બધા કામો કરે છે. થોડું દુઃખ પડશે પણ પાછળથી સુખ આવશે. એમ ભક્તિ કરતાં થોડાં દુઃખો આવે પણ પાછળથી તો સુખ જ મળે જેમ કડવી દવા પીવો ત્યારે મોઢું કડવું થાય પણ રોગ મટે ત્યારે શરીર સારું થઈ જાય છે. એટલા માટે દુઃખો ભગવાને બનાવ્યા છે સુખમાં લઈ જવા માટે, દુઃખો ન હોત તો કોઈ ભજન કરેત જ નહીં કેમકે...

**''દુઃખમેં સમરણ સબ કરે, સુખ મેં કરે ન કોઈ**
**જો સુખમેં સમરણ કરે, તો દુઃખ કાહે કો હોઈ ?''**

તો અહીં પ્રશ્ન રાજાનો છે કે, ''ભગવાન સમાન છે બધાના હિતેચ્છુ છે છતાં ઈન્દ્રને માટે વૃત્રાસુરને કેમ માર્યો? તો એનો ઉત્તર આપ્યો. ભગવાન કંઈ અંતરથી કરતા નથી સત્વગુણ, રજોગુણ ને તમોગુણને લઈને ક્રિયાઓ થાય છે. જેવી જ્યારે જરૂર હોય તેવી ક્રિયા થાય છે. તો રાક્ષસને મારવાથી રાક્ષસનું કલ્યાણ થાય છે. ભક્તોના ઉદ્ધાર માટે બીજા લાખો ભક્તોને ઉદ્ધારને માર્ગે લઈ જાય છે. એટલે બધાના હિત માટે ભગવાનની અંદર રહેલી પ્રકૃતિ જ બધાં કામો કરી રહી છે. એટલે ભગવાન ઉપર આરોપ નાખવાની જરૂર નથી. પ્રકૃતિ પર આરોપ છે તો પ્રકૃતિ તો પ્રકૃતિનું કામ કરે. સારું હોય તો સારું ને ખરાબ હોય તો ખરાબ કરે. તો ભગવાન સર્વ જીવોનાં હિત માટે કામ કરે છે. ભગવાન સાથે જે પ્રેમ કરે તોય ભગવાન જીવનું કલ્યાણ કરે ને દ્વેષ કરે તોય કલ્યાણ કરે.એટલે નારદજી કહે...

**तस्माद्वैरानुबन्धेन निर्वैरेण भयेन वा ।**
**स्नेहात्कामेन वा युञ्ज्यात् कथञ्चिन्नेक्षते पृथक् ॥**
૭-૧-૨૫॥

જો તમે પ્રેમથી ભાવથી કે અભાવથી કોઈ પણ રીતે ભગવાનની સાથે સંબંધ કરશો તો તમારું કલ્યાણ અવશ્ય થવાનું છે કોનું કોનું કલ્યાણ થયું એના નામ બતાવતા કહે છે.

**गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ।**
**सम्बन्धाद् वृष्णयः स्नेहाद्यूयं भक्त्या वयं विभो ॥**
૭-૧-૩૦॥

ગોપીઓ કામને વશ થઈને ભગવાન પાસે ગઈ તોય કલ્યાણ થયું ને કંસ ભયને વશ થઈને ભગવાનને યાદ કરતો હતો છતાં એનું કલ્યાણ થયું. શિશુપાલ દ્વેષથી ભગવાનને યાદ કરતો હતો તોય એનું કલ્યાણ થયું. કોઈપણ પ્રકારે સત્યમાં મન જાય એનું કલ્યાણ થાય. ભગવાન એટલે સત્ય. સત્યને નહીં રાખો તો દુઃખ આવવાનું જ.

એક બહેને ઘરમાં ભગવાનના દસ ફોટા રાખ્યા હતા. એક દિવસ એના પતિ મરી ગયા તો ફોટા તોડીને નદીમાં નાંખી આવ્યા. કે ભગવાને રક્ષા ન કરી તો ભગવાન તો સત્યના રક્ષક થાય અસત્ય તો મરવાનું જ છે. તમે પતિના આત્મામાં પ્રેમ કર્યો હોત તો એ કોઈ દિવસ ન મરેત. પણ શરીર તો કોઈના રહ્યા નથી ને રહેવાના પણ નથી એટલે જો શરીર સાચવવામાં ભક્તિ કરતા હો તો એક દિવસ નાસ્તિકતા આવશે. કેમ કે શરીર કોઈના રહ્યા નથી ને રહેશે પણ નહીં. એટલે હંમેશાં મનુષ્યે શરીરનો મોહ ઓછો કરવો. **(વધુ આવતા અંકે)** ૨૨૫

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

**ગતાંકથી ચાલુ**

એટલે આ ગ્રંથ અદ્વૈત બ્રહ્મને પ્રતિપાદન કરનાર છે. તથા જ્ઞાનનો અને પંચીકરણનો જન્ય જનકભાવ સંબંધ છે. એટલે જ્ઞાનજન્ય ઉત્પન્ન કરનાર છે. અજ્ઞાન અને જ્ઞાનનો નિવર્ત્ય નિવર્ત્યક ભાવરૂપ સંબંધ છે એટલે તેને નિવર્તક રહે છે. અજ્ઞાન નિવૃત થાય છે અને જ્ઞાન તેને નિવૃત કરે છે. આ ગ્રંથનું પરમાનંદરૂપ પરમાત્માની પ્રાપ્તિ અને અજ્ઞાન સહિત જન્માદિ અનર્થની નિવૃત્તિરૂપ પ્રયોજન છે તેથી આનો પ્રારંભ સફળ છે.

ब्रह्म में जगत का नाम निशान नही है। क्योंकि जगत की भ्रांति है। जगत उत्पन्न नहि हुआ। मैं कहता हुं ये सब धोखा है। पर मेरी कोई सुनता नहि। क्योंकि सब माया में अंधे हो रहे है। अध्यस्त द्वैत प्रपंच को सत्य माननेवाली बुद्धि में अद्वैत का प्रतिबिंब नहिं पड सकता क्योंकि द्वैत से आकांत बुद्धि में अद्वैत का प्रतिबिंब पडना संभव नहि है।

जब तक नामरुप जगत का मिथ्यात्व सिद्ध नहि होता तब।

### -: જીવનો દેહાધ્યાસ :-

ચોપાઈ : **ઘણા દહાડાનો ભ્રમ થયો જીવને,**
**એટલે દેહ માને પોતે આપને;**
**તે સારું ફરે ચોરાશી લક્ષ યોનીને**
**ફરી ફરી પામે જન્મ મરણને.**

જીવાત્માએ આપને પોતાને દેહ હું છું એમ માની લીધું છે. પણ વસ્તુતઃ પોતે સત્ ચિત અને આનંદ બ્રહ્મરૂપ છે. દેહરૂપ નથી. ભૂલથી હું દેહ છું. હું મનુષ્ય છું. બ્રાહ્મણ છું. ક્ષત્રિય છું, એ માને છે. દા.ત. જેમ પુરુષ ઈશ્વરનો બનાવેલ છે. પરણે એટલે પતિ કહેવાય અને પોતાને પુત્ર થાય એટલે પિતા કહેવાય તેથી પતિ અને પિતાની ઉપાધિમાની પુરુષ તણું ભૂલી જાય છે. તેમ જ આત્મા સ્થૂળ, સૂક્ષ્મ શરીરને માની હું દેહ છું. મનુષ્ય છું તેમ જ માને છે.

### -: ભૂલ ભ્રાંતિ :-

અજ્ઞાનીને બ્રહ્મનિષ્ઠ ગુરુ મળે અને તે ગુરુ તેને બ્રહ્મ વિદ્યાનું ઉપદેશરૂપી ઘી પાય ત્યારે અજ્ઞાનરૂપી નશો નષ્ટ થાય ત્યાર પછી તે પુરુષ હું દેહ (મનુષ્ય) કર્તા, ભોક્તા છું એમ જ માને છે. પણ એવું જ્યાં સુધી જાણ્યું નથી ત્યાં સુધી ઘણાં દિવસની ભૂલથી હું દેહ છું, એમ તે માને છે.

### -: ભૂલની ભ્રાંતિ :-

દેહના મિથ્યા જ્ઞાનનું રૂપ તેમ દેહનો દૃષ્ટા આત્મા તેને અનાદિકાળના જે સ્વરૂપનું અજ્ઞાન છે. તેથી કામ કર્માદિકના સંબંધથી અવિદ્યા કલ્પિત દેહ ઈંદ્રિયો વગેરેના સમુદાયરૂપ બકરાનાં ટોળામાં આવી તેમાં અજ્ઞાનથી હું મનુષ્ય છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું બ્રાહ્મણ છું આદિ વર્ણ છે. અને બ્રહ્મચારી આદિ આશ્રમી છું એ રીતે માન્યું છે અને પોતાનું સ્વાભાવિક સ્વરૂપ સાક્ષી દૃષ્ટા અને સચ્ચિદાનંદરૂપ છે તે ભૂલી ગયો છે. અને મૂર્ખ ભેદ વાદી ગુરુ પણ તું સંસારી છે. દેહ છે, કર્તા-ભોક્તા છે એવા ખોટા બોધથી અજ્ઞાનને દૃઢ કરાવે છે.

ગુરુ કહે છે, હે મુમુક્ષુ ! તું વિચાર કરીને જો કે આ તારા દેહમાં અહંકાર છે તે સંસારી સુખી-દુઃખી, કર્તા, ભોક્તા છે ને તે દૃશ્ય છે. તું તેનો દૃષ્ટા છે. દેહના લક્ષણ જેમ બકરાંના લક્ષણ સિંહ સાથે ન મળે તેમ તારા આત્મા સાથે એક પણ મળતાં નથી અને બ્રહ્મના સત્, ચિત, આનંદ આદિ લક્ષણો તારા આત્માસ્વરૂપ સાથે મળે છે. જેમ સિંહના લક્ષણ સિંહ સાથે મળે જ છે. તેમ જેમ બ્રહ્મ સત્ય છે. તેમ તું જાગ્રત આદિ ત્રણે અવસ્થામાં સત્યરૂપ છે. જેમ બ્રહ્મ જ્ઞાનરૂપ છે. તેમ તું ત્રણે અવસ્થા જાણે છે. માટે

જ્ઞાનરૂપ છે. જેમ બ્રહ્મ આનંદરૂપ છે. તેમ તું પણ પરમ પ્રેમાસ્પદ છે. તેથી જ પરમ આનંદરૂપ છે.

**કર્તા સૂક્ષ્મ શરીર છે. ભોક્તા સ્થૂળ શરીર છે.**

ભાગવતમાં પણ એકાદશ સ્કંધમાં ૨૮ માં અધ્યાયમાં શ્રી ભગવાનનું ઓધવજી પ્રત્યે ઉપદેશ વાક્ય છે, હે ઉદ્ધવ! અહંકારમાં રહેલા હર્ષ, શોક, ભય, દુ:ખ, લોભ, મોહ, સ્પૃહા, ઈચ્છા, જન્મ, મૃત્યુ આદિ શબ્દથી કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ એ સમગ્ર ધર્મ અહંકારમાં દેખાય છે. આત્મામાં દેખાતા નથી. કેમ કે, સુષુપ્તિ, સમાધિ આદિ અવસ્થાઓમાં આત્મા છે. પણ અહંકાર અજ્ઞાનમાં લીન થયો છે. તો સુખ દુ:ખ આદિ ધર્મ પ્રતિત થતાં નથી. ને જાગ્રતમાં અહંકારમાં સુખ-દુ:ખ આદિ પ્રતીત થાય છે. માટે તે ધર્મ અહંકારમાં છે ને આત્મા નિર્વિકારી છે.

બ્રહ્મનિષ્ઠ ગુરુના ઉપદેશથી પોતાનું સ્વરૂપ જાણી ચોરાસી લક્ષ યોનીમાંથી નીકળી મોક્ષ સુખ પામી શકે એમ છે. પણ અજ્ઞાન રૂપી અંધતાથી આ મનુષ્ય દેહ મુક્તિનું દ્વાર છે. તેમાં મોક્ષનું સાધન કરવું જોઈએ એમ જાણતો નથી અને નાના પ્રકારના વિષયભોગરૂપી અસદાચરણરૂપી ખરજથી આખું આયુષ્ય વ્યર્થ કાઢે છે. દાદર ઉપર ખરજ ઘણી મીઠી લાગે છે તેમ નાના પ્રકારના વિષય ભોગ ભોગવવા અતિ પ્રિય લાગે છે. તેથી મરવા સુધી પણ તે વિષયોમાંથી આસક્તિ મૂકીને ઈશ્વરમાં પ્રિતી થતી નથી. એમ કરતાં પણ પ્રાણ ગયા એટલે મનુષ્ય દેહરૂપી મોક્ષનું દ્વાર ગયું અને ચોરાસી લક્ષ યોનીરૂપી કિલ્લો હાથ આવ્યો અને પછી બળદ, ઘોડો, ગધેડો આદિ પશુના શરીર ધારણ કરી મહાદુ:ખ ભોગવે છે.

**-: સાધુનો સમાગમ :-**

ચોપાઈ : **જન્મ મરણ કેમ ટળે ભાઈ,**
**સાધુનો સમાગમ કરીએ જાઈ;**
**જન્મ મરણ કેમ ટળશે મારે,**
**હું કોણ છું તેણે વિચાર કરે તે વારે.**

શ્રુતિ સ્મૃતિનાં પ્રમાણો અથર્વવેદમાં માંડુક્ય ઉપનિષદમાં પણ જીજ્ઞાસુએ સમિધા આદિ ઉપહાર હાથમાં લઈ વિનયપૂર્વક થઈ પરમ તત્વનું જ્ઞાન પામવા માટે ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એ બે વિશેષણોવાળા ગુરુને શરણે જવું એમ સ્પષ્ટ નિરૂપણ કરેલું છે. તેમજ ભગવદ્‌ગીતામાં ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણે કહ્યું છે.

**ટીકા :** ગુરુને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને નમસ્કાર કરીને પછી ગુરુને વિનયપૂર્વક પ્રશ્ન પૂછવો, હે ભગવાન! બંધન શું? વિદ્યા કોને કહેવાય? અવિદ્યા કોને કહેવાય? તથા આત્મા કોણ અને પરમાત્મા કોણ અને તેની એકતાં કેમ જણાય એવા પ્રશ્નો કરીને તથા ગુરુની સેવા કરીને પ્રસન્ન થયેલાં ગુરુ પાસેથી પરમશ્રેષ્ઠ મોક્ષનું સાધન અને અદ્વૈત પરમાત્માનું જે જ્ઞાન તે તું જાણ અને જ્ઞાની, ક્ષોત્રિય, તત્વદર્શી, બ્રહ્મનિષ્ઠ એવા જે ગુરુ તે તને જ્ઞાનનો ઉપદેશ કરે છે.

ચોપાઈ : **સત્‌ગુરુ કહે સ્વસ્વરૂપ જાણ,**
**એટલે તારો જન્મ-મરણ ટળશે એ પ્રમાણ;**
**તારા જન્મ-મરણનો કાગળ કાટે,**
**સત્‌ગુરુ વચેન વિશ્વાસ રાખે એ માટે.**

સૂક્ષ્મ દેહનો પણ જીવને પોતાના વાસ્તવિક સ્વરૂપ ભૂત, સત્‌, ચિત, આનંદ આત્માના અભેદ જ્ઞાનથી નાશ થાય છે. તે કર્મ પણ બધા જ્ઞાનાગ્નિથી બળી જાય છે ત્યારે કર્મનો કર્તા ભોક્તા કોઈ રહ્યો નથી. તેથી યમરાજાનો કારભારીએ કોના કર્મને લખે વારું તેથી યમરાજા તે તેનો કાગળ તરત ફાડી નાખે છે. તે સારું દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકારમાંથી પણ અહંબુદ્ધિ મૂકી દઈને તે દેહાદિકનો પ્રકાશક સત્‌, ચિત્‌, આનંદ, નિત્ય, મુક્ત, અભોક્તા હું આત્મા છું એવું જ્ઞાન સંપાદન કરવું એ જ જ્ઞાનથી મોક્ષ થાય છે. તે જ્ઞાન વિના જન્મ-મરણ ટાળવાનો બીજું કોઈપણ મુખ્ય સાધન નથી.

## -: કર્મો જ્ઞાનથી નિવૃત થાય છે :-

ચોપાઈ : **ગુરુ કહે એમાં વાર નહિ લાગશે જાણ,**
**એવું વેદ વચન છે પ્રમાણ;**
**આ પંચીકરણનો વિચાર જો કરે,**
**તો હમણાં મુક્તિ મળશે તહારે.**

★

ગુરુ કહે : **એમાં પાંચ ભૂતનો વિચાર જ કહ્યો,**
**જુદાં જુદાં તત્વો બતાયો;**
**સદ્‌ગુરુ મુખે સમજી લેજો,**
**તો બ્રહ્મ સુખ પામે આજો.**

પૂર્વે એમ કહ્યું કે, બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના ઉપદેશ વિના કેવળ પોતાની બુદ્ધિના વિચારથી આત્માનું સાક્ષાત પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. તે માટે તેવા ગુરુને ચરણે જઈને ગુરુ જે બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કરે તે ઉપદેશને મુમુક્ષુ પોતાનું મન દઢ કરી હૃદયમાં ધારણ કરે તે પ્રકારે નિરૂપણ કરે છે.

ચોપાઈ : **મન નિશ્ચલ કરી ધારણા ધરે,**
**શ્રવણ મનન નિદિધ્યાસન કરે;**
**તો સાક્ષાત્કાર તું પોતે ભાઈ**
**એમાં સંદેહ રહે ન કોઈ.**

★

## -: દેહના મમત્વ વિષે સંવાદ :-

શિષ્ય : હે ગુરુ તમે જે કહ્યું એ પ્રકારથી વિચાર કરતાં આ દેહ હું નથી. એમ જાણવાથી દેહમાંથી અહંતા દૂર થાય છે. તથાપિ દેહ મારો છે. એવી રીતે મમતા તો રહી છે અને દૃષ્ટાંતથી તે અનુભવમાં પણ આવે છે. જેમ ઘટનો જોવા વાળો હું ઘટ નહિં પણ ઘટ મારો છે. એમ કહેવાય છે. જેમ ઘરમાં રહેવાવાળો હું ઘર નહિ પણ ઘર મારું છે એમ કહેવાય છે. તેમ દેહનો દૃષ્ટા હું દેહ નથી પણ દેહ મારો છે. એમ કહેવાથીમમત્વ તે દેખાવામાં આવે છે. માટે મમત્વ જે વિચારથી દૂર થાય તે કૃપા કરીને કહો.

## -: સ્થૂલ દેહના તત્વોનું કોષ્ટક અને ટીકા :-

**આકાશના :** કામ, ક્રોધ, શોક, મોહ, ભય

**વાયુના:** ચલન, વલન ધાવ (દોડવું), પ્રસારણ (સંકોચતા) આકુંચન

**તેજના :** ક્ષુધા (ભૂખ), તૃષા (આળસ), આલસ્ય, નિંદ્રા, ક્રાંતિ.

**જળ આપના :** શુક્ર (વીર્ય), શોભિત, લાળ, મૂત્ર, સ્વેદ (પરસેવો)

**પૃથ્વીના :** અસ્થિ, માંસ, ત્વચા, નાડી, રોમ (રુંવાડા)

## -: પચ્ચીસ તત્વો સમજવાનું કોષ્ટક :-

**પંચભૂત :** પૃથ્વીનાં, જળનાં, તેજનાં, વાયુનાં, આકાશનાં

**પૃથ્વીનાં :** અસ્થિ-૫૦, માંસ, નાડી, ત્વચા, રોમ
**જળનાં :** રક્ત, વીર્ય-૫૦, મૂત્ર, સ્વેદ, લાળ
**તેજનાં :** આળસ, કાંતિ, ક્ષુધા (૫૦) તૃષા, નિંદ્રા
**વાયુનાં :** સંકોચન, ચલન, વલણ (ઉત્કમણ), ધાવન-૫૦ પ્રસારણ
**આકાશના :** કાટયાકાશ, ઉદરાકાશ, હૃદયાકાશ, કંઠાકાશ, શિરાકાશ-૫૦

★

## -: આઠ તત્વોનું વર્ણન :-

ચોપાઈ ગુરુ : **જાગ્રત અવસ્થા નેત્ર સ્થાન,**
**વૈખરી વાચા સ્થૂલ ભોગ જાન;**
**ક્રિયાશક્તિ રજોગુણ માન,**
**અકાર માત્રા વિશ્વ અભિમાન.**

| પાંચ જ્ઞાનેન્દ્રિય | તેના વિષય | તેના દેવતા |
|---|---|---|
| શ્રોત્ર | શબ્દ | દિશા |
| ત્વચા | સ્પર્શ | વાયુ |
| ચક્ષુ | રૂપ | સૂર્ય |
| જીહ્વા | રસ | વરુણ |
| ઘ્રાણ | ગંધ | અશ્વિની કુમાર |

મણકો ૫૨ મો :

**''સેવા પ્રદર્શનનો નહીં, હૃદયની ભાવનાનો વિષય છે.''**

જીવન પ્રેમથી પૂર્ણ થઈ જાય તે એક મોટી સફળતા છે. સ્ત્રી -પુરૂષ જ નહીં, બીજા ઘણા એવા સંબંધો છે જે પ્રેમ સમજાવે છે. મનુષ્ય પોતાની સાધના-ભક્તિથી પ્રેમ પ્રાપ્ત નથી કરી શકતો. પ્રેમ જેની પર કૃપા કરે છે તેના હૃદયમાં તે પ્રગટે છે. આપણી સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ સમજાવ્યું છે. કર્મમાં સેવાનો ભાવ ગુરુચરણ સેવા જ છે. જો ઉદારતાથી વિચાર કરવામાં આવે તો સેવાભાવની સર્વવ્યાપકતા સ્પષ્ટ થઈ જાય છે. શક્તિતાતના સંન્યાસી શિવોહમતીર્થજી કહેતા હતા, વ્યવહારિક સ્તરે નિમ્ન બાબતોને સેવકે પોતાનાં મનમાં સ્પષ્ટ સમજી લેવી જોઈએ. ગુરુસેવાનું અભિમાન ન હોવું જોઈએ. નહીંતર તે સેવા રહેતી નથી. અન્ય સેવકોથી વૈમનસ્ય ઊભું ન થવું જોઈએ. નહીંતર ગુરુ સેવા અશાંતિનું કારણ બની જશે. જો કોઈ અન્ય વ્યક્તિ આવે અને ગુરુની સેવા કરવા ઈચ્છે તો સેવકે ખસી જવું જોઈએ અને તેને સેવા કરવા દેવી જોઈએ. ઘણી વખત સેવામાંથી ખસી જવું તે પણ એક સેવા છે. તેનાથી પરસ્પર પ્રેમનું વાતાવરણ જળવાઈ રહે છે. સેવા પ્રદર્શનનો નહીં, હૃદયની ભાવનાનો વિષય છે.

ગુરુસેવાના બદલામાં કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છા ન હોવી જોઈએ. સેવા સાધનથી અલગ નથી. જેટલું સામાર્થ્ય, શક્તિ, સમય અને શ્રદ્ધા હોય તેટલી સેવા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સામર્થ્ય સમય કરતાં વધુ સેવા કરવામાં આશક્ત થઈ જવાનો ડર રહે છે. સેવા વ્યાપક ક્ષેત્ર છે. શારીરિક, માનસિક, બૌદ્ધિક, આર્થિક ઘણા પ્રકારની સેવાઓ છે. જો કોઈ તમારા જેટલી સેવા ન કરી શકતું હોય પણ તે અલગ ક્ષેત્રમાં સેવા કરતું હોય તો તેનો આદર કરવો જોઈએ. આવી ગુરુસેવા જીવનમાં પ્રેમ ઉતારશે.

મણકો ૫૩ મો :

**''ગુરુપ્રત્યે શ્રદ્ધા રાખનાર શિષ્યને દિવ્યજ્ઞાન મળે છે.''**

આરબ દેશમાં એક સુલતાન હતો ખલીફા મમું. તે વિદ્વાનોનું ખૂબ જ સન્માન કરતો હતો. ખલીફા માનુના બે પુત્રો હતા, જેમની યોગ્ય શિક્ષા-દીક્ષા માટે તેમણે ખૂબ જ વિચાર કર્યો હતો. અનેક વિદ્વાનોને તેઓ જાતે મળ્યા અને પછી તેમાંથી એક વિદ્વાન પાસે પોતાના બે પુત્રો શિક્ષણ માટે નક્કી કર્યા. શિક્ષકે બંને રાજકુમારોનો અભ્યાસ શરૂ કર્યો. એક દિવસ શિક્ષક કોઈ કામસર પોતાની ગાદી પરથી ઉઠયા તો બંને શિષ્યો તેમનાં જૂતાં લઈને તેમના પગ પાસે રાખવા દોડયો. તેમાં બંને વચ્ચે ઝઘડો થયો કે ગુરુનું આ પુણ્ય કામ કોણ કરે? અંતે બંનેએ નક્કી કર્યું કે એક એક જૂતું લઈને ગુરુના પગની સામે રાખી દે અને તેમણે તેમજ કર્યું. આ વાતની સૂચના ખલીફા સુધી પહોંચી અને તેમણે શિક્ષકને બોલાવ્યા.

શિક્ષક દરબારમાં આવતા જ ખલીફાએ પૂછયું, ''આજે દુનિયામાં સૌથી પ્રતિષ્ઠિત અને પૂજ્ય કોણ છે?'' શિક્ષકે કહ્યું, ''તમે''. મમુ બોલ્યા, ''ના, એ પુરૂષ કે જેના જૂતાં તેની સામે મૂકવા માટે મુસ્લિમોના સ્વામીના બે પુત્રો પરસ્પર ઝઘડયા''. શિક્ષક બોલ્યા, ''પહેલાં તો મને તેમને રોકવાની ઈચ્છા થઈ પણ પછી થયું કે તેમની શ્રદ્ધાને શા માટે રોકવી જોઈએ?'' મમુ બોલ્યા, ''તમે તેમને રોક્યા હોત તો હું ખૂબ જ નારાજ થયો હોત. ગુરૂની સેવા કરવાથી પ્રતિષ્ઠા વધે છે. ઘટતી નથી.'' સાર એટલો જ છે કે ગુરુ પ્રત્યે હાર્દિક શ્રદ્ધા જ જ્ઞાનનાં તે અંતિમ ચરણને પ્રાપ્ત કરાવે છે. જ્યાં શિષ્ય બૌદ્ધિક રૂપે સર્વજ્ઞ થઈ જાય છે અને માનસિક રીતે દિવ્ય શાંતિ અને સમરસતાને પ્રાપ્ત કરે છે.

ગતાંકથી ચાલુ...

**કર્મોને તોડી શકાય છે :** બંધાયેલાં કર્મ પણ બધાં ભોગવવાં જરૂરી નથી. કર્મ ઉદયમાં આવે અને ફળ આપે એ પહેલાં નિર્જરા દ્વારા કર્મ તોડી શકાય છે. નિર્જરાના બાર પ્રકાર છે, જેને બાર પ્રકાસ્નાં તપ પણ કહેવામાં આવે છે.

**પહેલું તપ :** અનશનકરો, ઉપવાસ કરો. **બીજું તપ :** ઉપવાસ ન થાય તો ઊણોદરી કરો -ઓછું ખાઓ. **ત્રીજું તપ :** ભિક્ષાચારી એટલે નાનામોટા સંકલ્પ કરો, અભિગ્રહ કરો. **ચોથું તપ :** રસપરિત્યાગ કરો. દૂધ, દહીં, ઘી, મીઠાઈને ભોજનમાંથી ઘટાડો, સ્વાદ પર કાબૂ મેળવો. **પાંચમું તપ :** કાયા-ક્લેશ કરો, એટલે કે શરીરમાં થતી પીડા સહન કરો. **છઠ્ઠું તપ :** પ્રતિસંલીનતા કરો - ઈન્દ્રિયોને કાબૂમાં રાખો. **સાતમું તપ :** પ્રાયશ્ચિત્ત કરો. ભૂલ થઈ ગઈ હોય, સ્વીકૃત વ્રત તૂટી ગયું હોય તો ગુરુ સમક્ષ આલોચના કરી લો. **આઠમું તપ :** વિનય ભાવ રાખો. **નવમું તપ :** વૈયાવચ્ચ કરો. (સેવા કરો.) **દશમું તપ :** સ્વાધાય કરો. **અગિયારમું તપ :** ધ્યાન કરો. **બારમું તપ :** કાયોત્સર્ગકરો.

આ બારમાંથી જેટલું થઈ શકે તેટલું નિયમિત કરતા રહેવું જોઈએ. આથી બંધાયેલાં કર્મ ઉદયમાં આવ્યા પહેલાં જ ખરી પડશે.

**કર્મભોગવવાની કળા :** કેટલાંક કર્મ ઉદયમાં આવે તોપણ તેને હસતાં-હસતાં ભોગવો. ઉદયમાં આવેલાં કર્મને ભોગવ્યા સિવાય છૂટકો જ નથી, તો શા માટે આર્ત્તધ્યાન કરીને, રૌદ્રધ્યાન કરીને ભોગવવાં? આમ કરવાથી તો ઊલટાં નવાં કર્મ બંધાય છે અને જૂનાં કર્મ ત્યાં ને ત્યાં જ રહે છે. કર્મના ઉદય વખતે વિચલિત ન થાઓ. કર્મ તો આત્માની શુદ્ધિ કરવા માટે જ ઉદયમાં આવે છે. કર્મનો ઉદય ન થાય તો કર્મથી મુક્તિ કેમ મળશે? જિનકલ્પી મુનિ તો સામે ચાલીને કર્મને આવકારે છે, સામે ચાલીને કર્મને બોલાવે છે, જ્યારે આપણે તો સહેજે ઉદયમાં આવેલાં કર્મને ભોગવવાનાં છે. અને છેલ્લી વાત : નવું ઋણ ન બંધાય, કમ સે કમ ખરાબ ઋણ ન બંધાય એ માટે સાવધાન રહેવું જોઈએ અને જૂનાં ઋણને ચૂકતે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે ત્રણ ચાવી છે.

**પહેલી ચાવી છે મૈત્રીભાવ :** મૈત્રીથી માનવ-માનવ વચ્ચેના સંબંધો તો મધુર બને જ છે, સાથોસાથ ખરાબ ઋણાનુબંધનાં બીજ પણ વવાતાં નથી...મૈત્રીમાં મીઠાશ છે. મૈત્રી કોનું નામ ? આચાર્યોએ મૈત્રીની પરિભાષા આપી છે : ''परहित-चिंता मैत्री'' - જે બીજાના હિતનો વિચાર કરે એનું નામ મૈત્રી. પોતાના હિતનો વિચાર કરે એ તો સ્વાર્થ કહેવાય. સ્વાર્થ હોય ત્યાં મૈત્રી નથી ટકતી અને જ્યાં મૈત્રી હોય ત્યાં સ્વાર્થનું નામોનિશાન નથી હોતું. એક કવિએ આ મૈત્રીને સમજાવવા માટે સુંદર કલ્પના કરી છે.

એક વાર પાણીના મનમાં વિચાર આવ્યો કે એકલા-એકલા જીવવું. એના કરતાં જીવનમાં એકાદ મિત્ર હોય તો સારું, સુખ-દુઃખમાં કામ લાગે. તેણે વિચાર કર્યો કે કોને મિત્ર બનાવું ? આજુબાજુ નજર દોડાવતાં તેનું ધ્યાન દૂધ તરફ ગયું. તેણે વિચાર કર્યો કે દૂધને મિત્ર બનાવું. તેણે દૂધની પાસે જઈ કહ્યું : ''ભૈયા દૂધ, હું તને મિત્ર બનાવવા ઈચ્છું છું. શું તું મારો મિત્ર બનીશ ? ''દૂધ ઘણું ઉદાર હોય છે. દૂધે કહ્યું : ''કેમ નહિ? આવીજા. હું ઈચ્છું છું કે કોઈ મારો મિત્ર તરીકે સ્વીકાર કરે.'' દૂધે પાણીને મિત્ર તરીકે આવકાર્યું. પાણી દૂધમાં પડ્યું. દૂધે પાણીને મિત્ર તરીકે પોતાનો રંગ આપ્યો, રુપ આપ્યું, સ્વાદ આપ્યો, જેથી સમય આવ્યે દૂધ પાણીને પોતાના ભાવે વેચી પણ દે.

પાણી પણ પ્રસન્ન થયું કે સરસ મિત્ર મળી ગયો. બહેનો દૂધને ગરમ કરવા માટે ગેંસ પર મૂકે છે. ગરમ કરવા મૂક્યું છે દૂધ અને પહેલાં બળે છે પાણી. કેમ ? કેમકે પાણી વિચાર કરૈ છે : ''જે દૂધે મને રંગ

આપ્યો, રૂપ આપ્યું, સ્વાદ આપ્યો એ દૂધને હું બળવા દઉં, એ યોગ્ય નથી. હું બળીશ પણ દૂધને નહિ બળવા દઉં.' એટલે પાણીનો તડતડ અવાજ આવે છે. દૂધે પાણીના બળવાનો અવાજ સાંભળ્યો. દૂધને થયું : ''જેને મે મિત્ર તરીકે સ્વીકાર્યું એ મારા માટે બળે અને હું શાંતિથી જોયા કરું એ ન બને. હું આગમાં બળી મરીશ પણ પાણીને નહિ બળવા દઉં.' એટલે દૂધ ઊભરાય છે અને આગમાં પડવાની તૈયારી કરે છે.

દૂધને ઊભરાતું જોઈ પાણીને થયું : ''આ દૂધ મારા માટે પોતાના પ્રાણ ત્યાગવા તૈયાર થયું છે, પણ નહિ, હું તેને આગમાં નહિ પડવા દઉઁ. ઊભરાતા દૂધ પર બહેનો પાણી નાખે છે. દૂધને વિચાર આવે છે : ''મારો મિત્ર આવી ગયો એટલે હવે બેસી જાઓ.' પરિણામે દૂધ પાછું નીચે બેસી જાય છે. આવી હોય છે દૂધ અને પાણીની મૈત્રી . દૂઘ વિચારે છે કે પાણી માટે હું બળું અને પાણી વિચારે છે કે દૂધ માટે હું બળું. આપણે શું વિચારીએ છીએ ? આપણે તો વિચારીએ છીએ : 'તારા માટેય તું બળ ને મારા માટેય તું બળ ! તારુંકામ જ બળવાનું છે. તેં કર્મો જ એવાં કર્યા છે કે બળવું એ જ તારી નિયતિ છે.'

પણ ના, આને મૈત્રી ન કહેવાય. આ તો ચોખ્ખો સ્વાર્થ જ છે. પાણી અને દૂધ જેવી મૈત્રી કરતાં શીખજો. બીજાના માટે પોતાનું હિત જતું કરજો. તો જ ઘરમાં પ્રેમ ટકે, શાંતિ પ્રગટે, સંબંધો મધુર બને.

**તેલ અને પાણીની મૈત્રી :** તેલ અને પાણી જેવી મૈત્રી ક્યારેય ન કરવી. એ નામ-માત્રની જ મૈત્રી હોય છે. એ મૈત્રી પાછળ શોષણ, સ્વાર્થ, ઈર્ષ્યા હોય છે. પાણી એક વાર તેલને મિત્ર બનાવવા લલચાઈ ગયું. તેલે કહ્યુંઃ ''આવી જા, તૈયાર છું મિત્ર બનાવવા માટે અને પાણી પડ્યું તેલમાં . તેલે દૂધની જેમ પાણીને પોતાનામાં એકરસ ન કર્યું, પણ પાણીને પોતાની નીચે દબાવીને રાખ્યું. પાણી નિરાશ થાયું : ' આ શું ? આણે તો મને છેતર્યું.' પણ બીજાને છેતરનાર પોતે જ છેતરાય છે, એમ વિચારી થોડી વાર શાંતિ રાખી. હવે તેલમાં દિવેટ રાખી સળગાવી તો તેલ બળવા લાગ્યું.

પાણીએ કહ્યું : 'બળ, હવે તું તારે બળ. તેં જો તારી સાથે મને ભેળવ્યું હોત તો હું પણ તારી સાથે બળત.' તેલ બધું બળતું જાય છે. જ્યારે બધું તેલ બળી જાય છે અને પાણીનો બળવાનો વખત આવે છે ત્યારે દીવો ઓલવાઈ જાય છે.

જે બીજાને દબાવે છે એ પોતે જ નુકસાનમાં રહે છે. આવા સ્વાર્થથી કંઈ સિદ્ધ થતું નથી. માટે યાદ રાખો : જીવનમાં સૌ પ્રત્યે મૈત્રી કેળવો . ક્યારેય દુશ્મનો ઊભા ન કરો. સૌની સાથે ઉદારતાથી વર્તન કરો. પ્રેમથી બોલો. કોઈને ખરાબ લાગે એવું વર્તન શા માટે કરવું ? દુષ્ટ મન દુશ્મનો ઊભા બહુ કરે છે, કેમકે દુષ્ટ મન પોતે જ પોતાનું દુશ્મન છે. દુશ્મનો ઊભા કરવાથી એ તમારું અહિત કરવામાં નિમિત્ત બનવાના જ છે. માટે આ વિશે ખૂબ સાવધાની રાખો. કોઈએ ઠીક જ કહ્યું છે :

**કામ આવી ન તને દ્વેષની કિલ્લેબંધી,**
**આવ આ સંપના હથિયારને અજમાવી જો.**
**વાર ખાલી ગયો, તલવારની ઈજ્જત ના રહી,**
**આવ અય દોસ્ત! જરા પ્યારને અજમાવી જો**

પ્રેમ વિના પરિવાર લાગણીહીન અને કઠોર બની જાય છે. પ્રેમમય વ્યક્તિ ક્યારેય કોઈનું નુકસાન કરી શકતી નથી.

**બીજી ચાવી છે સેવાભાવ :** સેવા કરવાથી બંધાયેલા વેરનો ઋણાનુબંધ તૂટે છે. સેવા માનવીનો મોટો ગુણ છે. સેવાથી એકબીજા નજીક આવી શકે છે. સેવા કરવાથી માણસ નાનો નથી થતો. સેવા કરવાથી આત્મસંતોષ મળે છે. નાના લોકોએ બની શકે એટલી મોટાની સેવા કરવી જોઈએ. સેવ! કરવામાં કોઈ સ્વાર્થ-ભાવના ન રાખવી જોઈએ. સેવા નિઃસ્વાર્થપણે કરવી જોઈએ. માબાપની, ગુરુની, બીમારની, ઘરડાંની બની શકે એટલી સેવા કરવી જોઈએ. સેવાથી માણસનું મન ઉદાર બને છે

અને કર્મોનો અશુભ બંધ તૂટ છે. સેવાથી ઘરમાં અપૂર્વ આનંદ વર્તાય છે, સંબંધો વધુ પ્રેમભર્યા બને છે. સેવા કરવામાં ક્યારેય પાછી પાની ન કરશો.

**ત્રીજી ચાવી છે સમભાવ :** માણસના જીવનમાં ચડતી અને પડતી આવવાની જ. કોઈની જિંદગી ક્યારેય સપાટ માર્ગપર નથી ચાલતી. વિપરીત પરિસ્થિતિમાં જે પોતાના મનત્તું સંતુલન જાળવી શકે છે એ મહાન છે. માનસિક સંતુલન જાળવીને બૂરું કરનાર પ્રત્યે પણ સમભાવ કેળવવો જોઈએ. આપણે પહેલાં વિચાર્યું ને કે કોણ કોનું ખરાબ કરી શકે છે ? હું પોતે જ મારી સમતુલા ગુમાવીને પોતાનું ભારે નુકસાન કરું છું. ગમે તે પરિસ્થિતિમાં સંતુલન ગુમાવશો નહિ. સંતુલન ગુમાવ્યું તો પછી બચ્યું શું? દરેક પરિસ્થિતિમાં માનસિક સંતુલન રાખવું એ એક મોટી સાધના છે. જે આવું કરી શકે છે, એનું જીવન સમભાવમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે. પછી પરિસ્થિતિઓ અનુકૂળ હોય કે પ્રતિકૂળ, કોઈ ફરક નથી પડતો.

પ્રતિકૂળ પરિસ્થિતિ માણસ માટે પ્રેરણારૂપ પણ બની શકે છે. જીવનમાં પ્રતિકૂળ પરિસ્થિતિ ન આવે તો આપણા ભીતરમાં પડેલી ક્ષમતા ક્યાંથી જાગશે ? પ્રતિકૂળ પરિસ્થિતિઓના અભાવના કારણે કેટલાય લોકો ત્યાં ને ત્યાં જ અટવાયેલા રહે છે. જીવનમાં પ્રગતિ સાધવા માટે પ્રતિકૂળતા અનિવાર્ય છે.

આવી દૃષ્ટિ કેળવશો તો મનની અંદર સમભાવ જાગૃત થશે. સમભાવ રાખનાર માણસ માટે દુનિયામાં કોઈ શત્રુ નથી હોતો. આ ત્રણ ચાવીઓ છે, જેના થકી માણસ જીવનની વાસ્તવિકતાને સમજી આનંદથી જીવી શકે છે.

કર્મ-ફળ ભોગવવાની કળા એ છે કે મનુષ્ય હસતાં-હસતાં અશુભ કર્મો ભોગવે. આથી એનાં બંધાયેલાં જૂનાં કર્મ તૂટી જાય છે અને નવાં અશુભ કર્મ બંધાતાં નથી. જે રડતાં- રડતાં કર્મ ભોગવે છે એનાં જૂનાં કર્મ તો ત્યાં ને ત્યાં જ રહે છે અને નવાં અશુભ કર્મપણ બધાય છે.

આ પ્રકરણ તમે ધ્યાનથી વાંચ્યું હશે અને તેમાંથી ઘણું જીવનમાં અપનાવવા જેવું લાગ્યું હશે. આમ છતાં આટલી બાબતો ખાસ અપનાવશો :

- દરેક વ્યક્તિ પોતાનાં કર્મનાં ફળને હસતાં-હસતાં ભોગવે. સંસાર મુશ્કેલીઓનું ઘર છે. અહીંડગલે ને પગલે વ્યક્તિની સામે અનુકૂળ-પ્રતિકુળ સંજોગો આવવાના જ છે. એ સંજોગોનો સમભાવે સામનો કરવાનો છે. સમસ્યાના.મૂળની શોધ કરીએ. વ્યક્તિનાં પોતાનાં જ કરેલાં કર્મ એનું મૂળ છે. માટે કર્મ કરતી વેળાએ મનુષ્યે વિવેકથી કામ લેવું જોઈએ.
- આપણા આ જીવનમાં બનતા કે બગડતા સંબંધો પાછળ આપણા પાછલા ભવનાં કર્મ કામ કરતાં હોય છે. માટે ઘણી વાર સંબંધોમાં સુધાર ન થાય તો સમભાવે સહન કરવું અથવા મગજને ખરાબ કર્યા વિના શાંત ચિત્તે પોતાનો યોગ્ય રસ્તો કાઢવો. પોતાનાં દુ:ખનો ટોપલો બીજાના ઉપર ન ઢોળવો.
- ક્યારેય કોઈના પણ પ્રત્યે વેરા-આંતરાનો ભાવ રાખવો એ કોઈના માટે પણ લાભદાયી નથી, તો પછી શા માટે મોટું દિલ રાખી, થોડું જતું કરી સામેની વ્યક્તિનો આદર ન કરવો?
- આ ભવમાં એવા કોઈ સંબંધો ન બાંધો કે આવતા ભવે એને ભોગવીને દુ:ખી-દુ:ખી થવું પડે. આ માટે કોઈની સાથે પણ શત્રુતાનો ભાવ ન રાખો તથા કોઈની વધુપડતી સેવા ન લ્યો.
- ખરાબ ઋણાનુબંધ તોડવાની તથા નવા ખરાબ ઋણાનુંબંધ ન બાંધવા માટેની ત્રણચાવીઓ અપનાવો : - સૌસાથે મૈત્રી કેળવો.
  - સૌની બને એટલી સેવા કરો.
  - દરેક પરિસ્થિતિમાં સમભાવ રાખો.

**કોઈના સદ્‌ગુણો લૂંટતાં શીખી જશો, તો વાલિયામાંથી વાલ્મીકિ બનવું અઘરું નથી.** ■

ગતાંકથી ચાલુ...

ભીમસેનના આ પ્રમાણે કહેવાથી કપિશ્રેષ્ઠ હનુમાનજીએ ઘણા જ મધુર અને ગંભીર શબ્દોમાં કહ્યું - ભારત! તમે જેવું કડો છો, બરાબર છે; તોઅધમ રાક્ષસ વાસ્તવમાં મારો સામનો કરી શકે એમ ન હતો. પરંતુ તમામ લોકને કાંટાની જેમ ચૂભનારા તે રાવણને જો હું મારી નાખત તો શ્રીરામજીને આ કીર્તિ કઈ રીતે મળત, એ કારણે મેં તેની ઉપેક્ષા કરી દીધી હતી. વીરવર શ્રીરઘુનાથજીએ સેના સાથે તે અધમ રાક્ષસનો વધ કર્યો અને સીતાજીને પોતાના નગરમાં લઈ આવ્યા. આથી સંસારમાં તેમનો સુયશ ફેલાઈ ગયો. સારુ, બુદ્ધિમાન! હવે તમે જાઓ. જુઓ, આ સામેનો માર્ગ સૌગન્ધિક વનમાં જાય છે. ત્યાં તમને યક્ષ અને સક્ષસોથી સુરક્ષિત કુબેરનો બગીચો મળશે. તમે પોતે જ ઉતાવળમાં ફૂલોની પસંદગી કરવા લાગશો નહિ. મનુષ્યોએ તો ખાસ કરીને દેવતાઓનો આદર કરવો જ જોઈએ. ભાઈ! તમે સાહસ ન કરી બેસતા, પોતાના ધર્મનું પાલન કરજો, પોતાના ધર્મ પર સ્થિત રહીને તમે શ્રેષ્ઠ ધર્મનું સંપાદન કરો. કેમકે ધર્મને જાણ્યા અને વડીલોની સેવા કર્યા વિના બૃહસ્પતિ જેવા જ્ઞાની હોવા છતાં પણ તમે ધર્મ અને અર્થના તત્ત્વને નહિ જાણી શકો. કોઈ વાર અધર્મ ધર્મ થઈ જાય છે, અને ધર્મ અધર્મ થઈ જાય છે. તેથી ધર્મ અને અધર્મનું સ્વતંત્ર જ્ઞાન હોવું જોઈએ, બુદ્ધિહીન લોકો આનાથી મોહિત થઈ જાય છે. ધર્મ આચારથી થાય છે, ધર્મમાં વેદો પ્રતિષ્ઠિત છે, વેદોથી યજ્ઞોની પ્રવૃત્તિ થાય છે અને યજ્ઞોમાં દેવતાઓ પ્રતિષ્ઠિત છે. દેવતાઓની આજીવિકા શાસ્ત્રોક્ત વિધિથી થતા યજ્ઞો પર અવલંબિત છે અને મનુષ્યોનો આધાર બૃહસ્પતિ અને શુક્રાચાર્યનાં નીતિ-શાસ્ત્ર છે. તેમાં બ્રાહ્મણો વેદપાઠથી, વૈશ્યો વેપારથી અને ક્ષત્રિયો દંડનીતિથી પોતાનો નિર્વાહ કરે છે, આ ત્રણે પ્રવૃત્તિઓનો બરાબર પ્રયોગ થવાથી લોકસંગ્રહ (તમામ લોકોનો નિર્વાહ) થાય છે. આ ત્રણેયની સમાન પ્રવૃત્તિ હોય તો પ્રજા ધર્મના માર્ગ પ્રયાણ કરે છે. દ્વિજાતિઓમાં બ્રાહ્મણનો મુખ્ય ધર્મ આત્મજ્ઞાન છે તથા યજ્ઞ, અધ્યયન અને દાન - આ ત્રણ સાધારણ ધર્મ છે. એ જ પ્રમાણે ક્ષત્રિયનો મુખ્ય ધર્મ પ્રજાપાલન છે અને વૈશ્યનો પશુપાલન, તથા ત્રણે વર્ણોની સેવા કરવી - એ શૂદ્રોનો મુખ્ય ધર્મ છે. તેમને ભિક્ષા, હોમ અથવા વ્રતનો અધિકાર નથી; તેમણે તો દ્વિજોનાં ઘરોમાં રહીને તેમની સેવા જ કરવી જોઈએ. કુંતીનંદન! તમારો (ક્ષત્રિયોનો) નિજધર્મ તો પ્રજાપાલન જ છે, વિનય અને ઈન્દ્રિયોનો સંયમ કરીને તેનું તમે પાલન કરો. જે રાજા વૃદ્ધ, સાધુ, બુદ્ધિમાનો અને વિદ્વાનો સાથે પરામર્શ કરીને શાસન કરે છે, તે રાજદંડ ધારણ કરી શકે છે, દુર્વ્યસનીનો તો તિરસ્કાર જ થાય છે. જ્યારે રાજા પ્રજાના નિગ્રહ અને અનુગ્રહમાં યોગ્ય રીતે પ્રવૃત્ત થાય છે, ત્યારે જ લોક-મર્યાદા સૂવ્યવસ્થિત બને છે. તેથી રાજાએ દેશ અને દુર્ગમાં પોતાના શત્રુ અને મિત્રની સેનાઓની સ્થિતિ, વૃદ્ધિ અને ક્ષયની દૂતો દ્વારા હંમેશાં નિગરાણી રાખતાં રહેવું જોઈએ. સામ, દાન, દંડ અને ભેદ - આ ચાર ઉપાય, દૂત, બુદ્ધિ, ગુપ્ત વિચાર, પરાક્રમ, નિગ્રહ, અનુગ્રહ અને દક્ષતા-આ ગુણો જ રાજાના કાર્યને સિદ્ધ કરનારા છે. રાજાએ સામ, દાન, દંડ, ભેદ અને ઉપેક્ષા - આ પાંચ સાધનોના એક સાથે અથવા અલગ-અલગ પ્રયોગ દ્વારા પોતાનું કાર્ય સાધી લેવું જોઈએ. હે ભરતશ્રેષ્ઠ! બધી નીતિઓ અને દૂતોનું મૂળ ગુપ્ત મંત્રણા છે, તેથી જે શુભ વિચારથી કાર્ય સિદ્ધ થાય તે જ વિષયમાં બ્રાહ્મણો સાથે મંત્રણા કરવી જોઈએ. સ્ત્રી, મૂર્ખ, બાળક, લોભી અને નીચ પુરુષની સાથે તથા જેનામાં ઉદંડતાનાં લક્ષણ દેખાતાં હોય, તેમની સાથે ગુપ્ત-મંત્રણા ન કરવી. વિદ્વાનો સાથે પરામર્શ કરવો જોઈએ; જેઓ સમર્થ હોય, તેમની પાસે કાર્ય કરાવવું

જોઈએ અને જેઓ હિતેષી હોય, તેમની પાસે ન્યાય કરાવવો જોઈએ. મૂર્ખ લોકોને તો બધાં કાર્યથી દૂર રાખવા જોઈએ. રાજાએ ધર્મકાર્યમાં ધાર્મિકોને, અર્થકાર્યમાં વિદ્વાનોને અને સ્ત્રીઓમાં કામ કરવા માટે નપુંસકોને નિયુક્ત કરવા જોઈએ, કઠોર કામ ક્રૂર પ્રકૃતિના લોકોને સોંપવું. કર્તવ્ય અને અકર્તવ્ય વિશે પોતાની અને શત્રુપક્ષની સંમતિ જણાવી તથા શત્રુઓના બળાબળની પણ જાણકારી રાખવી. બુદ્ધિથી જેની સારી રીતે પરીક્ષા કરી લીધી હોય, તેવાં સાધુપુરુષો પર અનુગ્રહ કરવો તથા મર્યાદાવિહોણા અશિષ્ટ પુરષોનું દમન કરવું. આ પ્રમાણે હે પાર્થ! મેં તમને કઠોર રાજ ધર્મનો ઉપદેશ કર્યો. આનો મર્મ સમજાવો બહુ કઠણ છે. તમે તમારા (ક્ષત્રિય) ધર્મનુ વિનયપૂર્વક પાલન કરો. જેમ બ્રાહ્મણો તપ, ધર્મ, દમ અને યજ્ઞના અનુષ્ઠાન દ્વારા ઉત્તમ લોકને પ્રાપ્ત કરે છે તથા વૈશ્યો દાન અને આતિથ્યરૂપી ધર્મ દ્વારા સદગતિ પ્રાપ્ત કરે છે, તે જ પ્રમાણે જે દંડનીતિનો બરાબર પ્રયોગ કરે છે, કામ અને દ્વેષથી રહિત છે, લોભહીન છે અને જેમનામાં ક્રોધ નથી, એવા ક્ષત્રિયો પૃથ્વીમાં દુષ્ટોનું દમન અને શિષ્ટાચારી લોકોનું પાલન કરતા રહીને સત્પુરુષોને પ્રાપ્ત થનારા ઉત્તમ લોકોમાં જાય છે.

**વૈશમ્પાયનજી કહે છે** - પછી પોતાની ઈચ્છાથી વધારેલા શરીરને પૂર્વવત્ કરીને વાનરરાજ હનુમાનજી બંને ભુજાઓથી ભીમસેનને છાતીએ લગાડીને ભેટ્યા. આનાથી ભીમસેનનો બધો થાક દૂર થઈ ગયો અને બધી રીતે અનુકૂળતાનો અનુભવ થવા લાગ્યો. તેમને એવું લાગ્યું કે હું મોટો બળવાન છું અને મારા જેવું કોઈ મહાન નથી. પછી હનુમાનજીએ આંખોમાં અશ્રુ ભરીને સૌહાર્દથી ગદ્દગદ કંઠે ભીમસેનને કહ્યું, ''ભાઈ હવે તમે જાઓ, ક્યારેક કોઈ વાત નીકળે તો મારું સ્મરણ કરી લેજો અને હું આ સ્થાન પર રહું છું - એ વાત કોઈને કહેશો નહિ. હવે કુબેરના ભવનમાંથી મોકલેલી દેવાંગનાઓનો અહીં આવવાનો સમય થઈ ગયો. છે. તમારા મનુષ્ય-શરીરનો સ્પર્શ થવાથી મને પણ સંસારના લોકોના હૃદયને પ્રફુલ્લિત કરનાર! ભગવાન શ્રીરામજીનું સ્મરણ થઈ આવ્યું. હવે તમને પણ મારાં દર્શનનું કાંઈક ફળ મળવું જોઈએ. તમે ભાઈના સંબંધે જ મારી પાસે કંઈક વરદાન માંગો. જો તમારી ઈચ્છા હોય કે હું હસ્તિનાપુરમાં જઈને તુચ્છ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી નાખું, તો હું તે પણ કરી શકું છું તથા તમે ચાહો તો પથ્થરોથી તે નગરને નષ્ટ કરી દઉં અથવા હમણાં જ દુર્યોધનને બાંધીને તમારી પાસે લઈ આવું. મહાબાહુ ! તમારી જે ઈચ્છા હોય, તે હું પૂરી કરી શકું છું.''

હનુમાનજીની વાત સાંભળીને ભીમસેન બહુ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા - ''વાનરરાજ! તમારું કલ્યાણ થાઓ, મારા આ બધાં કામ તો તમે કરી જ ચૂક્યા - હવે તે થવામાં કોઈ સંદેહ નથી. બસ, તમારી કૃપાદષ્ટિ બની રહે, એ જ હું ચાહું છું. તમે અમારા રક્ષક છો, તેથી હવે પાંડવો સનાથ થઈ ગયા, તમારા જ પ્રતાપે અમે બધા શત્રુઓને જીતી લઈશું.''

ભીમસેને જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે હનુમાનજીએ કહ્યું, ''ભાઈ અને સુહૃદ હોવાના નાતે હું તમારું પ્રિય કરીશ. જે સમયે તમે શક્તિ અને બાણોથી વ્યાપ્ત શત્રુઓની સેનામાં ઘૂસી સિંહનાદ કરશો, તે સમયે હું મારા શબ્દોથી તમારી ગર્જનાને વધારી દઈશ તથા અર્જુનની ધજા પર બેસીને એવી ગર્જના કરીશ કે શત્રુઓના પ્રાણ રૂંધાઈ જશે અને તમે તેમને સરળતાથી મારી શકશો. આમ કહીને હનુમાનજીએ તેમને માર્ગ બતાવ્યો અને ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ આકરૂ, તા. ધંધુકા, સ્વ. મદારસિંહભાઈ ગોવિંદસિંહભાઈ સોલંકી (ઉ.વ.૯૨) સંવત ૨૦૮૦ મહા વદ-૧૩ (શિવરાત્રી) ને શુક્રવાર તા. ૦૮-૦૩-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# ધર્મનું આચરણ

**જેને હોય ગુરૂ વચને વિશ્વાસ અભય પદ ગુરૂ આપશે..** લાભ લેવા દેતી નથી લાજ. જુઓ આપણને ગુરૂવચનમાં વિશ્વાસ હશે તો જરૂર ગુરુજી અભય પદ આપશે ને ધર્મનું આચરણ થશે. અભય એટલે ભય વિનાનું મોક્ષનું દ્વાર મરણના ફેરામાંથી છૂટવાનું. કોઈવાર ભલે મોક્ષ ન મળે પરંતુ સારો જન્મ જરૂરને જરૂર મળે. એક નિષ્ઠા રાખીયે ને સાથે સાથે સાચો ગુરુજીમાં વિશ્વસ એજ ધર્મની મર્યાદા છે. આ મુનુષ્ય જન્મમાં બધી રીતનું સુખ છે. બીજી યોનીમાં કાંઈ નથી. નથી બોલાતુ, નથી વેવાર થતો તો આપણે કાયમ મનમાં એક નિષ્ઠા રાખીએ તે ધર્મની મર્યાદા છે. સારૂ વર્તન સાચી વાતો સર્વો સાથે સમાનતા અને ગુરૂજીના શરણમાં રહીએ તો જ ધર્મની બઢતી છે. તેને કશું જ નડતર ન રહે. મનને કાયમ ગુરૂજીના ચરણમાં રાખવું ને સ્વરૂપમાં સ્થિર રાખવું. સંસારના કોઈપણ પદાર્થમાં મનને બાંધવું નહી. આ મન જ્યાં ત્યાં જાય તો તેને પાછું વાળીએ. આવું સારૂ જીવન મળ્યું છે તો તેને વિવેકથી ધર્મના માર્ગે વાળવું સર્વની સાથે સારા ભાવ, ભક્તિ નાનુ થઈને રહવું. ગુરૂજીની સેવા સ્મરણ, ધ્યાન કરવું. કોઈનું લેવું નહિ, આ છે ધર્મનું આચરણ આપણે શું છીએ કાંઈ નહિ. પણ એકજ ભાવથી સાચી સેવાનો ભાવ આ શરીરથી પરમાર્થના કામ ગુરૂજીની સેવા તો આપણને જરૂર ને જરૂર કાંઠે પહોંચાડનાર છે. નહિતર ખાડેના ખાડે તો છે જ જુઓ કહ્યું છે ને -

**''રૂડી રીતે રહેજો જગમાં રૂડા કરજો કામ,**
**સાચા દિલથી સેવા કરતા રિજે મારો રામ.**
**રૂડી રીતે રહેજો જગમાં રૂડા કરજો કામ.**

આવ્યો પણ જાણ્યો નહિ આ મનુષ્ય દેહનો મર્મ, શેર લોટને કારણે તે કોટી બાંધ્યા કર્મ. તો ખોટાથી દૂર રહેવું ને સાચું પકડવું. આ જગતમાં આપણે આવ્યા છીએ તો તેનું મૂલ્ય સમજીને ચાલીએ, આપણી પૂર્વની કંઈક કમાણી હશેને આવો સમય આવા ગુરૂજી ને આવી વેદાન્તની પરંપરાને આ માતા-પિતા મળ્યા તો આવો મૂલ્યવાન સમય લઈને ભજન સત્સંગ કરી લઈએ. આપણને ગુરૂજીએ સાચી કેડી બતાવી છે. ને જીવને શિવ બનાવવો છે. ને ગુરૂજી પાસે માંગવુ છે. ગુરૂજી મને એક તમારો આશરો બસ બીજું કાંઈ નહિ.

**સત્ય ધર્મને છોડીને મનવા અવળે પથ જઈશ મા,**
**ખરા ખોટાનો વિચાર કરજે જીવન નાવ ડૂબાડીશ મા.**

સત્ય એજ આપણો ધર્મ છે. તેજ આપણને તારશે તેવું સમજવું મનને એક નિષ્ઠ બનાવવું માટે મારે બધામાં સમાન આનંદરૂપ જાણવું. મનુષ્ય જન્મનની સાર્થકતા એ જ આવો અમૂલ્ય અવસર મનુષ્યનો વારંવાર મળે તેમ નથી. અત્યારે આપણા હાથમાં છે તો આ તકને ચૂકવી નહિ. સદ્ગુરૂ સમજાવે છે શાનમાં તો આપણે પરિવર્તન જરૂર કરવું. આ મનને વિષયો રૂપી ભૂત વળગ્યા છે. તે શાંતિથી બેસવા દેતા નથી. બસ દિવસને રાત ઉદ્યામાના વિચોરજ ચાલે છે. પણ સંતોના સંગ જેવું કોઈ સાધન નથી. સંતોના સંગથી ભાગ્યની રેખા બદલાઈ જાય છે. ને સાચુ સમજાય છે. માટે કાયમને માટે સારા વિચારો સત્સંગનો લાભ લઈને ગુરૂજીના શરણોમાં રહીએ એજ પ્રાર્થના. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ ચોગઠ, તા. ઉમરાળા, સ્વ. વિનુભાઈ મનજીભાઈ ગોપાણી (ઉ.વ.૫૭) સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૧૨ ને ગુરૂવાર તા. ૨૧-૦૩-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

સદ્ગુરૂનો મહિમા શા માટે અનંત છે? સદ્ગુરૂનો મહિમા અનંત છે કારણ કે સદ્ગુરૂ જ એકમાત્ર એવી વ્યક્તિ છે. જે અનંત પરમાત્માનું જ્ઞાન આપે છે. અન્ય ગુરૂજનો પણ મહત્વપૂર્ણ છે. કારણ કે તેઓ પણ આપણને જ્ઞાન આપે છે.

આપણને અજ્ઞાનના અંધકામાંથી બહાર કાઢે છે અને પ્રકાશની દુનિયામાં લાવે છે. પરંતુ આ ગુરૂઓ દ્વારા આપવામાં આવેલ જ્ઞાન અનંત જ્ઞાન નથી. સદ્ગુરૂ માત્ર પરાજ્ઞાન જ નથી આપતા પણ પરમાત્માની અનંત સત્તાનો અનુભવ કરાવે છે.

સદ્ગુરૂ અને ભગવાન વચ્ચે કોઈ ભેદ ન હોવો જોઈએ. જ્યાં સુધી આ ભેદનો ભ્રમ આપણા મનમાંથી દૂર ન થાય ત્યાં સુધી આપણે સદ્ગુરૂનો મહિમા સમજી શકતા નથી.

સદ્ગુરૂ અને પરમ પુરૂષમાં કોઈ ભેદ નથી. ભારતના તમામ આધ્યાત્મિક પુસ્તકોમાં સદ્ગુરૂને શક્તિ અને મહત્વની પ્રશંસા કરવામાં આવી છે. ખાસ કરીને ગીતા, રામાયણ, મહાભારત અને સ્કંદ પુરાણના ગુરૂગીતા ખંડમાં ગુરૂના મહિમા વિશે વિશેષ અને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ગુરૂગીતામાં વર્ણવેલ સદ્ગુરૂ મહિમા સાથેની પૂજા લોકોમાં સૌથી વધુ લોકપ્રિય છે. જેમકે...

**અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાક્યાં।**
**ચક્ષુરૂન્મીલીતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**
**અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ।**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ॥**
**ચૈતન્ય શાશ્વતંશાન્તં વ્યોમાતીતં નિરંજનમ્।**
**બિન્દુનાદકલાતીતં તસ્મૈ શ્રીગુરવે નમઃ॥**

અજ્ઞાનના અંધકારને લીધે અંધ બની ગયેલી આંખને જે ખોલે છે. તેમાં જ્ઞાનનું બીજ રોપવું તે ગુરૂનમસ્ય છે. જેમની કૃપાથી સર્વ જડ અને ચેતન જીવોને અખંડ મંડલાકાર રૂપમાં વ્યાપેલા પરમાત્મા છે. તે પાદપદ્મ જે ગુરૂની કૃપાથી દેખાવા લાગે છે. તે ગુરૂને નમસ્કાર છે. ચિન્મય સ્વરૂપે ત્રણે લોકના જીવન આધાર એવા ભગવાનનો બોધ આપનાર સદ્ગુરૂ છે તો તેમને વંદન છે. ચૈતન્ય, શાશ્વત, શાંતિમય, ગુણાતીત ભગવાનનું જ્ઞાન આપનાર સદ્ગુરૂને વંદન છે. સારાંશમાં ગુરૂ ગીતામાં સદ્ગુરૂ અને ગુરૂની શક્તિ-મહત્વનું શુદ્ધ વર્ણન નીચેની પંક્તિઓમાં દર્શાવ્યું છે.

**ધ્યાનમૂલં ગુરૂમૂર્તિઃ પૂજામૂલં ગુરૂ પદમ્ ।**
**મંત્રમૂલં ગુરૂવાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥**

સરળ અર્થ એ છે કે, ગુરૂથી મોટું કોઈ તત્વ નથી. તેમની સેવાથી મોટી બીજી કોઈ સેવા નથી. તપસ્યા નથી. એનાથી મોટું કોઈ જ્ઞાન નથી. એનાથી મોટું ધ્યાન નથી. ગુરૂદેવની મૂર્તિ ધ્યાનનું મૂળ છે. તેમના કમળ ચરણોની ઉપાસના એ પૂજાનું મૂળ છે. તેમની વાણી મંત્ર છે અને કૃપા મોક્ષ છે. અર્થ એછે કે ગુરૂ જ સર્વસ્વ છે. સદ્ગુરૂ એજ પરાવિદ્યાની રૂદ્રિ છે. તેથી જ પૂજા, વ્રત, ઉત્સવો, ઉપાસના, સાધના, સમાધી, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, કર્મ, જ્ઞાન, ભક્તિ અને તપ, તપસ્યા, ત્યાગ તમામ આધ્યાત્મિક કાર્યો એક સાથે અને એકસાથે સદ્ગુરૂને શરણે થયા પછી થાય છે. આત્માનું કલ્યાણ થાય છે.

બ્રહ્મવિદ્યા, આનંદવિદ્યા, મુક્તિ વિદ્યા, ચેતનવિદ્યા, પરાવિદ્યા, ભગવાનનું જ્ઞાન ગુરૂ દ્વારા આપવામાં આવે છે. બ્રહ્મવિદ્યાના રત્નખાણમાં છુપાયેલ મુક્તિ જ્ઞાનનું મણિ તેમના ઉપદેશો દ્વારા આપણને પ્રદાન કરનાર ગુરૂ જ છે. તેઓ એ ખાણનું સરનામું છે. જે તેઓ રસ્તો પણ બતાવે છે. એટલે જ નહી, યોગ્ય સાધન, સેવા, સત્સંગ, કરીને તેઓ આપણને ત્યાં લઈ જાય છે. આવન-જાવનના ચક્રમાંથી મુક્ત કરે છે. ‘‘સાહેબ દરેક ક્ષણ પ્રભુરસ પાન કરી ભક્તિમાં લીન રહેવું.’’ ■

જીવન અને મરણ એ સવાર અને રાત જેટલાં જ જરૂરી, ગરમી અને ઠંડી જેટલા જ ઉપયોગી, પ્રકાશ અને અંધકાર જેટલાં જ કુદરતી છે. જેમ જીવન વિનાના જગતમાં કશો અર્થનથી તેમ મોત વિના પણા ઈશ્વરની યોજના અધૂરી જ રહેત. જે વાર્તાનો અંત નહિ, જે નાટકનો છેડો નહિ, જે જિંદગીની આખર નહિ તેમાં કોઈ અંત પ્રકારનો રસકસ અનુભવી શકાય પણ નહિ, એક વૃદ્ધ અને નાતવાન માણસ માટે મોતનો જેવો બીજો આરામ કોઈ નથી. જેમ શાંત ઉંઘમાં પડવાથી આખા દિવસની ફિકર ચિંતા અને શારીરિક પીડાઓ થોડા કલાક ભૂલી જવાય છે, તેમ મોત તો જિંદગીભરના જંજાળ, જુલમ અને દુઃખમાંથી રાહત આપવા માટે ઈશ્વરે બનાવેલી એક કુદરતી દવા છે. કોઈપણ અંત ફેરફાર કે વિવિધતા વિનાની જિંદગીથી તો સૌથી સુખી માણસ પણ ધરાઈ જશે અને તેનું જીવન કંટાળાભર્યું લાગશે. પ્રેમ સર્વવ્યાપી છે તેટલું જ બલકે તેથી પણ વધુ મોત સર્વ વ્યાપક છે.

પ્રેમ તો મનુષ્ય પશુ-પંખી અને જાનદાર સૃષ્ટિમાં જોવામાં આવે છે, જ્યારે ઝાડ-પાન, ખનિજપદાર્થ વગેરે તમામ ચેતન-જીવ વિનાની મનાતી વસ્તુઓ કદાચ પ્રેમને વશ નહિ હોય પણ વિનાશને આધિન તો છે જ, ત્યારે મોતનું જેવું બળવાન બીજું શું હોય શકે? ઈશ્વરની અપાર શક્તિનાં દર્શન કુદરતમાં વ્યાપી રહેલાં બે બળો - ઉત્પત્તિ અને વિનાશ દ્વારા થઈ શકે. ઉત્પત્તિ અને વિનાશ બન્ને ક્રિયાઓ જગતમાં સાથે સાથે ચાલી રહી છે. એક મહાસાગરનાં નાના-મોટાં અસંખ્ય મોજા ઉછળે છે અને પડે છે. પહેલું મોજું પડેલુ રહેતું નથી. પણ પાણીનાં બીજા વહેણોમાં મળી જઈ પાછું વેગવંત અને જોરદાર બની ઉપર આવે છે. ઉત્પત્તિમાંથી વિનાશ અને વિનાશમાંથી ઉત્પત્તિની ક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. તેમ આ ભવસાગરમાં પણ અસંખ્ય માણસો પેદા થઈને વિનાશ પામતાં જણાય છે. પણ તે વિનાશ પણ કોઈક બીજા પ્રકારની ઉત્પત્તિમાં દાખલ થવાનો દરવાજો જ છે.

ખરૂ જોતાં જિંદગીનો અંત હોતો નથી. જીવન ભાવાત્મક છે. જયારે મૃત્યુ અભાવાત્મક છે. જિંદગીમાં અસ્તિત્વ છે જ્યારે મોત તો હસ્તી ધરાવતું જ નથી આપણે જેને મોત કહીએ છઈએ એતો માત્ર હસ્તી વિનાની સ્થિતિની એક કલ્પના છે. એક માણસ એક ઓરડામાંથી બીજા ઓરડામાં અથવા એક શહેરમાંથી બીજા શહેરમાં જતાં મરણ પામ્યો એમ કહેવાતું નથી, કેમકે નવા સ્થાનમાં અને બદલાયેલાં સંજોગોમાં તે જીવે છે તો ખરો. જેમ એક વસ્ત્ર ફાટી જવાથી કે જૂનું થવાથી આપણે બીજું પહેરીએ છીએ તે જ રીતે મરણ વખતે માણસ આ શરીરનો ત્યાગ કરી એક અણદીઠ શરીર ધારણ કરે છે. પરંતુ તેમ કરતાં 'મરી જતો' નથી. જો કોઈપણ મરતું હોય તો નાશવંત શરીર છે. આત્મા મરતો નથી એ તો અજર અમર છે અને ખરેખરો માણસ આત્મામાં વસે છે. આ નાશવંત દેહમાં નહિ. માટે જ 'મરવું' ને બદલે 'ગુજરવું' શબ્દ વધુ યોગ્ય છે. કેમકે ગુજરવુંનો અર્થ માત્ર પસાર થવું એવો થાય છે અને તે મોતની ખરી ફિલસૂફી સાથે બરાબર બંધ બેસે છે.

મનુષ્ય જીવનની સરખામણી ઘણી વખત નાટક સાથે કરવામાં આવે છે અને જિંદગીનો આખરી તબક્કો પણ એક ત્રણ અંકી કરૂણરસપ્રધાન નાટક જ છે. પહેલાં અંકમાં ગંભીર બીમારી જણાતાં ડૉકટરોની દોડધામ શરૂ થાય છે અને સગાં-સ્નેહીઓના મોં લેવાઈ જાય છે. આખી રાતોના ઉજાગરા અને જિગરતોડ મહેનત છતાં આખરે

પ્રાણપંખેરૂ ઉડી જવા પામે છે અને પહેલો અંક પૂરો થાય છે. બીજો અંક ગમખારી, માતમપોવી, પ્રાર્થના, ધર્મક્રિયા અને મરનારને ઠેકાણે પાડવાના ગંભીર દેખાવો સાથે સમાપ્ત થાય છે. ત્રીજા અંકમાં દેખાય છે જીવતાની માયા છે, જીવતાના સૌ સગા, મૂઆ એટલે નાતો તૂટ્યો; હવે મરનારનું વસિયતનામું વંચાય છે તેની મિલ્કતની વહેંચણી સંબંધી સ્વાભાવિક પૂછપરછ ચાલે છે અને વકીલ બેરિસ્ટરની ખટપટ સોલિસીટરનાં સલાહ સૂચન અને કોર્ટ કચેરીનાં ધક્કામૂક્કીથી આ ખેલ ખતમ થાય છે. આ વિચિત્ર આવવા-જવાની પરંપરામાં કોઈ ગૂઢ ભેદ, કાંઈ અર્થ બોધ હશે ખરો કે નાટક પૂરૂ થયા બાદ શ્રોતાઓનાં આંસુ સૂકાય જાય છે અને નાટકની યાદ પણ મગજમાંથી નીકળી જાય છે. તેમ શું આ જિંદગી પણ એક લીલી-સૂકીનાં અનુભવ અને અંધારી ચાંદનીની રમત કરતાં વિશેષ નથી? એક પુસ્તકની પ્રસ્તાવના અને અનુક્રમણિકા અને વિષયસૂચિ વાંચવાથી તે પુસ્તક આખું વાંચ્યા વિના પણ તેની સામાન્ય મતલબ સમજી શકાય છે, તેમ જન્મ અને મરણના ભેદો જાણતાં જિંદગીનો કોયડો ઘણે અંશે ઉકેલી શકાય છે.

આયુષ્ય પુરૂ થવા આવે ત્યાં સુધી જેણે ખાઈ-પીને ઈડાવ્યું છે અને કોઈપણ ઘડીએ ઈશ્વરનાં દરબારમાં હાજર રહેવાનું તેડું આવી પહોંચશે તે ઘટનાની જેણે અવગણના કરી છે, તેનાથી ઊંડું જ્ઞાન, નથી કુદરતી જ્ઞાન કે નથી દુનિયાદારીનું ભાન. વળી દુનિયામાં આવ્યાં એટલે ખાન-પાન અને ગાનતાનમાં જ ગુલતાન બની જઈએ તો ઈન્સાન અને ભગવાન તરફથી આપણી ફરજો આપણે શું બજાવી શકીએ? જે દુન્વયી મોજમજામાં ચકચૂર થયો તે નક્કી મોતના મારથી હેરાન થશે. માટે ઉચ્ચ પ્રકારનું જીવન ગુજારી, પવિત્ર સ્વભોગશીલ અને પ્રામાણિક જીંદગી ગાળી મોતને માટે હંમેશા તૈયારી રાખવી એ જ મનુષ્યને લાભકારક છે.

**"જીવન અમારૂ આમ તો ખુલ્લી કિતાબ છે.**
**વેઢે ગણોતો કહા શકો ચોખ્ખો હિસાબ છે."**

જેનો હિસાબ ખુલ્લો ખરો હોય તેને હિસાબ તપાસનારનો ભય કેવો? મોતનું સાચું જ્ઞાન અને તે વિશેની તૈયારી આપણને જિંદગી દરમ્યાન પણ સાચી રાહબરી આપશે અને તેનાથી આપણી બીક ટળી જઈ આપણને હિંમત અને ધીરજ રહેશે. જે મોતનો ભેદ પામશે તે જ જીવનનું સાચું રહસ્ય જાણી શકશે.

જિંદગીનો નશો ઉતારનાર દવા તે મોત જ છે. મોત કોઈપણ ઘડીએ આવી લાગશે; સૂતાં, બેસતાં, ખાતાં-પીતાં પણ છોડશે નહિ, ભારે અગત્યના કામમાં મશગૂલ હોઈએ ત્યારે પણ તે કદાચ આવી પહોંચે અને વાયદો કે મહેતલ પણ તે સ્વીકારશે નહિ. આ સઘળું જાણવા છતાં તે વિશે બેદરકાર રહેવું અને તેને માટે કશી જ તૈયારી ન કરવી એ ડહાપણભર્યું કામ નથી. એક ટૂંકી મુસાફરી એ જવું હોય તો પેટીમાં ગણી-ગણીને અનેક વસ્તુઓ મુકાય છે, પણ મોત પછીની લાંબી અને અતિ અગત્યની મુસાફરી, જે કોઈપણ ઘડીએ શરૂ થઈ જાય, તે સારૂ વૃદ્ધાવસ્થા આવી જાય તો પણ લગારે તૈયાર ન કરી રાખવી એ માણસનું ઘોર અજ્ઞાન માનવું કે નરી મૂર્ખતા સમજવી?

મોત કરતાં જીવન ઘણુ વધારે અગત્યનું છે, તેમ ન હોય તો પ્રભુજીવન પેદા કરત જ શા માટે? જીવન તો સો વર્ષ પણ નભે, મોત તો પલકારામાં આવે છે.■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવા નાવડા, તા. બરવાળા, સ્વ. રવજીભાઈ હીરાભાઈ મોણપરા (ઉ.વ.૮૦) સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૧ ને સોમવાર તા. ૧૧-૦૩-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**


ॐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ આયોજીત, શ્રી માધવાનંદ આશ્રમ

# બાળ સંસ્કાર શિબિર ચાણોદ – ૨૦૨૪



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

ભૃગુ ક્ષેત્રની પતિતપાવની દિવ્ય અને ધર્મ આરાધના થી ભરપૂર, ભવ્ય અને દિવ્ય ધરા એટલે ચાણોદ ક્ષેત્ર, એમાંય મા નર્મદા નદીના પાવન તટે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીની દિવ્ય સમાધિ અને પાવન પરમ ઉપકારી દિવ્ય ચેતનાના સાનિધ્યમાં તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને દિવ્ય, ભવ્ય અને અલૌકિક બાળ સંસ્કાર શિબિરનું **તા.૨૭-૦૫-૨૦૨૪ થી તા.૦૨-૦૬-૨૦૨૪** સુધી ૭ દિવસનું આયોજન રાખેલ છે.

આપ સૌને નમ્ર નિવેદન છે કે માનવ જીવનના સાચા મૂલ્યો સમજવા, આપણા ભવ્ય વારસા ને જાણવા અને વૈદિક સનાતન હિન્દુ સંસ્કૃતિના સાચા સેવકો અને સંરક્ષકો બનવા તથા બનાવવા માટે આપના બાળકોને લઈને આપ આ શિબિરમાં અચૂક પધારશો. સમસ્ત ટ્રસ્ટીગણ તેમજ સમસ્ત સચ્ચિદાનંદ મંડળ આપ સૌને આવકારવા આતુર....

શિબિરાર્થી નામ : ______________________________

જન્મ તારીખ : ____________ ઉંમર : ______ મૂળ ગામ : ____________

હાલનો રહેઠાણનું સરનામું : ______________________________

______________________________

શિબિરાર્થી નો ફોટો

મોબાઈલ નંબર : ____________ અભ્યાસ : ____________

બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલ છે? હા / ના    રોજ સવારે પૂજા પાઠ આરતી કરો છો ? હા / ના

બાળકની સહી : ____________ વાલીની સહી : ____________


## નિયમો :

- શિબિરાર્થીઓની વયમર્યાદા : ૧૦ થી ૧૭ વર્ષની રહેશે.
- દરેક શિબિરાર્થીઓએ લોક વાળી બેગ, ટુવાલ, ટુથબ્રશ, ટુથપેસ્ટ, નાહવા-ધોવા માટે સાબુ, ત્રણ જોડી કપડા, યોગાસન માટે કપડા સાથે લાવવાના રહેશે.
- શિબિરમાં આવનાર બાળકો એ તારીખ ૨૬-૦૫-૨૦૨૪ની સાંજ સુધીમાં ચાણોદ પહોંચી જવું.
- શિબિરમાં કોઈપણ જાતની કિંમતી ચીજવસ્તુઓ સાથે લાવવી નહીં.
- કોઈપણ શિબિરાર્થી ગેરવર્તન કે સંસ્થાને કોઈપણ જાતનું નુકશાન અને શિબિરના નિયમોનું ઉલ્લંઘન કરતા માલુમ પડશે તો તેને તત્કાળ શિબિરમાંથી બહાર કરી દેવામાં આવશે.
- સંસ્થામાંથી દરેક શિબિરાર્થીઓને નોટબુક, પેન, પેન્સિલ આપવામાં આવશે. જેમાં રોજનિશીની નોંધ અચૂક લખવી.
- શિબિરમાં આવનાર દરેક બાળકો એ તા.૧૯-૦૫-૨૦૨૪ સુધીમાં પોતાનું ફોર્મની પ્રિન્ટ કાઢી, ફોર્મ ભરી ને ફોર્મ નો ફોટો પાડી શ્રી માધવાનંદ આશ્રમ ચાણોદ **૯૮૨૫૧ ૨૦૬૨૧** પર વોટ્સએપ કરવાનો રહેશે.
- શિબિરમાં આવતા નાના બાળકો સાથે વાલીઓએ ખાસ આવવું.

**:: શિબિર સ્થળ ::**

**શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી.વડોદરા. મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- ૩-૦૪-૨૦૨૪ દડવા પધારશે.
- ૫-૦૪-૨૦૨૪ ટીંબી પધારશે.
- ૬-૦૪-૨૦૨૪ ઉમરાળા પધારશે.
- ૮-૦૪-૨૦૨૪ ચોગઠ પધારશે.
- ૯-૪-૨૦૨૪ બપોર પછી ધારૂકા પધારશે.
- ૧૧-૪-૨૦૨૪ અમદાવાદ - સુઘડ પધારશે.
- ૧૨-૪-૨૦૨૪ હરદ્વાર પધારશે.
- ૧૮-૪-૨૦૨૪ દિલ્હી પધારશે.
- ૨૪-૪-૨૦૨૪ અમદાવાદ - સુઘડ પધારશે.
- ૨૫-૪-૨૦૨૪ સુઘડ થી વીરતા પધારશે.
- ૨૭-૪-૨૦૨૪ વીરતા થી પાટણ પધારશે.
- ૨૯-૪-૨૦૨૪ પાટણ થી સિદ્ધપુર (રાજપુર) પધારશે.
- ૩૦-૪-૨૦૨૪ ઉંઝા પધારશે.
- ૧-૫-૨૦૨૪ હેબુવા પધારશે.
- ૨-૫-૨૦૨૪ સુઘડ પધારશે.
- ૩-૫-૨૦૨૪ પીપળીયા પધારશે.
- ૪-૫-૨૦૨૪ ચમારડી પધારશે.
- ૧૯-૫-૨૦૨૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી નો ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૧ ને રવિવાર તા.૧૯-૫-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચમારડી ગામમાં ધામધૂમથી ઉજવાશે. ■ આયોજક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ-ચમારડી ■ સ્થળ: મુ. ચમારડી, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર.
- ૨૩-૫-૨૦૨૪ સુઘડ પધારશે.
- ૨૬-૫-૨૦૨૪ પરમ પૂજ્ય મહંત સ્વામી શ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજશ્રીનો બીજો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ વૈશાખ વદ-૪ ને રવિવાર તા.૨૬-૫-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સુઘડ ધામમાં ધામધૂમથી ઉજવાશે. આયોજક : સંઘાડીયા પરિવાર વતી શ્રી દિનેશભાઈ તથા નારણભાઈ
- ૨૬-૫-૨૦૨૪ બપોર પછી ચાણોદ પધારશે.
- ૨૭-૫-૨૦૨૪ થી ૨-૬-૨૦૨૪ સુધી બાળ સંસ્કાર શિબિર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચાણોદ ધામમાં રાખેલ છે. ફોર્મનો નમૂનો વેદરહસ્યમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

● **ખાસ સૂચના :** બાળ સંસ્કાર શિબિર દરમ્યાન બાળકો તથા વાલીઓ સિવાય કોઈએ ચાણોદ આવવાનો આગ્રહ રાખવો નહિ. આશ્રમની સગવડતા અનુસાર સુવિધા મળશે.
પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની આજ્ઞા છે.




સૌજન્ય

**ક્રિષ્ના ફેશન - જીગ્નેશ લાભુભાઈ ભરોડિયા**
**માધવ ક્રિએશન - દ્રુપદભાઈ લાભુભાઈ ભરોડિયા**
**ગામ : પાલડી**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2022
POSTRAL REGI. NO. SRT-771/2020-22
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




BOOK POST

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-